નવેમ્બર ૨૦૨૨

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૧૫



અમે તો જ્ઞાની થયેલા એટલે લોકો હીરાબા મૃત્યુ પામ્યા ત્યારે મારા સામું જુએ ને,
કે દાદા કેટલા જ્ઞાનમાં છે ને કેટલા આમાં છે તે ! પણ એક ક્ષણવાર બીજું દેખી શકે નહીં,
નિરંતર જ્ઞાન જ. પળે-પળે નહીં, સમયે-સમયે. ત્યારે સમયસારનું જ્ઞાન રહ્યું'તું.

## પૂજ્ય દીપકભાઈનો ઓસ્ટ્રેલિયા - સિંગાપોરનો સત્સંગ પ્રવાસ

### પર્થ : સત્સંગ-જ્ઞાનવિધિ : તા.૯ થી ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૨



### સિડની : સત્સંગ-જ્ઞાનવિધિ-શિબિર : તા.૧૩ થી ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૨



### સિંગાપોર : સત્સંગ-જ્ઞાનવિધિ : તા.૨૨ થી ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૨



વર્ષ : ૨૮, અંક : ૩
સળંગ અંક : ૩૨૭
**નવેમ્બર ૨૦૨૨**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2022,
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
Owned by & Published at
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
ભારત : ૧૦૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
ભારત : ૨૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## સ્વજનોના મૃત્યુ સમયે દાદાશ્રીની જ્ઞાનદશા

### સંપાદકીય

આ જગતમાં સંયોગો ને આત્મા બે જ છે. નિરંતર પરિવર્તનશીલ જગતમાં ફેરફારો થયા જ કરે છે, કારણ કે સંયોગો એ વિયોગી સ્વભાવના છે. આ દેહનો જન્મ થયો એ પણ એક સંયોગ છે અને તેનો વિયોગ અવશ્ય છે જ. આપણે સહુ જાણીએ છીએ કે આ જન્મ-મરણ દેહના છે, આત્માના નથી. છતાં સ્વજનોના મૃત્યુના સંયોગમાં ભય સહજ ઊભો થાય છે. તેવી જ રીતે પરમ પૂજ્ય દાદાશ્રીને પણ જીવનમાં મૃત્યુ સામે ભય ઊભા થયા હતા, પણ એમની વિશેષતા એ હતી કે ભયની સામે તેઓ પોતાની વિચક્ષણ દૃષ્ટિથી નિરીક્ષણ કરી મૂળમાંથી તેના કારણો શોધી તારણ કાઢતા.

પ્રસ્તુત અંકમાં પરમ પૂજ્ય દાદાશ્રીના જીવનમાં એમના નજીકના કુટુંબીજનો, જેમ કે માતા-પિતા, મોટાભાઈ, બાળકો, પત્ની વગેરેના મૃત્યુ સમયે ઊભા થતા ભય અને ત્યારે એમની આંતરિક મનો:સ્થિતિનું વર્ણન તેમજ એમની વિચારધારાનું ટૂંકમાં વિવરણ મળશે. જેમાં ખૂબી એ છે કે એમના જીવનમાં પણ કુટુંબીજનોના મૃત્યુના પ્રસંગો તો આવ્યા પણ પોતે જ્ઞાન પહેલા સાક્ષીભાવે અને જ્ઞાન પછી જ્ઞાતા-દ્રષ્ટાભાવે રહી ઝીણામાં ઝીણા વિચારો જે આવ્યા તેને જોઈને, તેની સામે બીજું વિરોધી જ્ઞાન ગોઠવી અસરમુક્ત વર્તી શક્યા.

મૃત્યુ વખતના પ્રસંગોમાં જ્ઞાન પહેલા અને જ્ઞાન પછી એમના આદર્શ વ્યવહાર સાથે જ્ઞાનદશાનું વર્ણન દરેક પ્રસંગોમાં એમના જ શબ્દોમાં મળે છે, જેમ કે આ બધી રિલેટિવ સગાઈ છે, રિયલની સગાઈ નથી. બળવાની વસ્તુ બળી ગઈ, ન બાળવાની રહી ગઈ. કાયમના છે તે તો ગયા જ નથી ને, એ તો અમારી સાથે જ છે. હિસાબ હતા એ ચૂકતે કરી ચાલ્યા એમને ઘેર. આ દેહ આપણો નથી થતો, તો વળી દેહનો છોકરો તે વળી શી રીતે આપણો થતો હશે ? માણસ મરી ગયા પછી સ્વાર્થનું રડે છે ! સહી કર્યા પછી જ મૃત્યુ આવે. નિયમરાજ છે, યમરાજ નથી આ જગતમાં ! ભગવાનની દૃષ્ટિમાં કોઈ જીવતું-મરતું જ નથી.

આ દાદાવાણી સંકલન કરવાનું ખાસ પ્રયોજન એ છે કે હાલની પરિસ્થિતિમાં જીવનમાં ડગલે ને પગલે આપણે સહુએ ઘણાં સ્વજનોને મૃત્યુમાં અકાળે ગુમાવ્યા છે. જેના ઊંડા આઘાતમાં લોકોના મન વિહવળ થયા, જાણે રોજિંદા જીવનનો વેગ અટકી ગયો હોય. આ જ્ઞાન પછી મહાત્માઓને ખ્યાલ છે કે આયુષ્યકર્મ કોઈનું અટકાવી શકાય એમ નથી. જે થાય છે તે વ્યવસ્થિત છે છતાં પણ આ મૃત્યુનું દુ:ખ મનને ઝંઝોળી જાય છે.

મહાત્માઓને આ જ્ઞાન મળ્યા પછી જ્યારે ને ત્યારે જીવન-મરણના ભયનું સોલ્યુશન તો લાવવું પડશે જ ને ? આ જન્મ-મરણ ઈગોઈઝમના છે, આત્માના નથી, આત્મા તો પરમેનન્ટ છે. આ જ્ઞાન એવું છે કે મરણની પળ આવે ત્યારે પોતાની શુદ્ધાત્માની ગુફામાં પેસી મૃત્યુ સામે અસરમુક્ત વર્તી શકે. આ જ જ્ઞાન એ સમયે મહાત્માઓને અનુભવ રૂપે વર્તનામાં આવે એ જ હૃદયપૂર્વક અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# સ્વજનોના મૃત્યુ સમયે દાદાશ્રીની જ્ઞાનદશા

## મરણનો ભય હતો નાનપણમાં

**પ્રશ્નકર્તા :** દાદાજી, નાનપણમાં તમને બીક લાગતી'તી ?

**દાદાશ્રી :** નાનપણમાં બધા બીવે, હુંય બીતો'તો.

હું તો નાનો હતો ત્યારે મને મરણનો ભય લાગતો હતો. જન્મે તે મરવાના જ છે. મને કમકમાટી થતી હતી અને નાનપણથી જ થતું હતું કે આ બધું આપણને ન ખપે.

**પ્રશ્નકર્તા :** કોઈનું મરણ જોયેલું ?

**દાદાશ્રી :** મેં નાની ઉંમરમાં મરણ જોયેલું. એક વખત લગ્નમાં છે તે પેલા બંદૂકના ભડાકા કરનારો માણસ, તેની બંદૂકમાં કંઈક ભૂલ થઈ ગઈ અને મરી ગયો. તે ત્યાં આગળ લોહી પાર વગરનું ! તે અમે તો નાની ઉંમરના દસ-બાર વર્ષના, તે ભડકી ગયા. તે અત્યાર સુધી ભડકાટ હતો, જ્ઞાન થયા પહેલાં સુધી. કારણ કે જોયેલું જ નહીં ને આવું બધું !

## નિયમરાજથી લાગે નહીં ભય

હું નાનો હતો તે દહાડે ગામડામાં શું ચાલતું'તું કે જમરા છે ઉપર. માણસ મરી જવાનો થાય ત્યારે જમરા લઈ જવા આવે છે, બધા જીવને. નાના છોકરાંને જમરાનો ભય લાગે. માણસ માત્રને ભય જમરાનો. ત્યારે હુંય સાચું માનતો હતો. ફફડાટ થાય મનમાં એટલે પછી હું શોધખોળ કરું. ફફડાટ થાય જ નહીં, તે શોધખોળ શી રીતે કરે ? હવે ભય નીકળે શી રીતે ? જ્યાં સુધી આ જ્ઞાન થયું છે, આની સામે બીજું જ્ઞાન ના આવે ત્યાં સુધી આ ભય નીકળે નહીં. જે જ્ઞાનથી ભય થયો એનું વિરોધી જ્ઞાન ન હોય ત્યાં સુધી ભય નીકળે નહીં.

પછી એના બહુ વિચાર કરતા કરતા ઠેઠ સુધી વિચાર ગૂંચાયેલા રહ્યા. આમ મોટી ઉંમર થતી ગઈ ને, તેમ વિચાર કરતા એમ લાગ્યું કે આ કોઈ જમરા નામનું જીવડું હતું જ નહીં. બધું મથામણ કરવા માંડી એટલે મહીં શ્રદ્ધા ઊડી ગઈ એ બાજુની, જમરા નામની. એટલે તે દહાડાથી આવા વિચારો જાગેલા.

તે છેવટે પચ્ચીસમે વર્ષે મેં ખોળી કાઢ્યું કે જમરા નામનું જીવડું જ નથી. તપાસ કરી ત્યારે ગપ્પું નીકળ્યું બધું. તે એની જ્યારે શોધખોળ કરીને ત્યારે એ છોડ્યું. જમરા નામનો દેવેય નથી, આ બધું બોગસ જ છે, વાત જ ખોટી છે સાવ. સો ટકા વાત ખોટી છે, એક ટકોય સાચો નથી.

માણસ નિયમથી મરે છે. નિયમરાજ લઈ જાય છે. એમાં ભય લાગવા જેવી કોઈ વસ્તુ છે ? નિયમથી જન્મે છે ને નિયમથી મરે છે અને વ્યવસ્થિતને તાબે છે. હવે નિયમરાજને પગાર આપવો પડે ? નિયમથી સવાર થાય, નિયમથી રાત પડે. નિયમરાજ તમને સમજાયું ? નિયમ જ લઈ જાય છે.

આ નિયમના આધીન આ જગત છે. જમરાના આધીન નથી, યમરાજાના આધીન નથી.

## જ્ઞાન પહેલા મૃત્યુની અસરો...

**પ્રશ્નકર્તા :** દાદા, તમને કોઈના મૃત્યુની એવી કંઈ અસર થયેલી ?

**દાદાશ્રી :** ૧૯૫૬માં થયેલી, જ્ઞાન થતા પહેલાં અમારા મધર ઓફ થઈ ગયા'તા ત્યારે. તે દહાડે રડવું આવેલું.

**પ્રશ્નકર્તા :** એટલે એ જે તમને અસર થઈ ગઈ, રડવું આવી ગયું તે વખતે તમે ક્યાં હતા ?

**દાદાશ્રી :** ક્યાં ?

**પ્રશ્નકર્તા :** તમે જે દ્રષ્ટાભાવમાં...

**દાદાશ્રી :** ના, તે ઘડીએ દ્રષ્ટાભાવ નહોતો. તે ઘડીએ તો 'હું અંબાલાલ છું' એ જ. ત્યાર પછી બે વરસ પછી જ્ઞાન થયું આ.

## તટસ્થતાથી નિરીક્ષણ કર્યો બાનો સ્વભાવ

**પ્રશ્નકર્તા :** ઝવેરબા કઈ સાલમાં ગુજરી ગયેલા ?

**દાદાશ્રી :** ૧૯૫૬માં, હું અડતાલીસ વર્ષનો થયો ત્યાં સુધી રહેલા.

**પ્રશ્નકર્તા :** એટલે બા ગયા પછી જ્ઞાન થયું ?

**દાદાશ્રી :** બા ગયા પછી બે વર્ષે જ્ઞાન થયું. બા તો મૂર્તિ કહેવી પડે !

મારા મધરની ત્યારે ચોર્યાસી વર્ષની ઉંમર હતી. ત્યારે રોજેય એવું કહે, 'મને આંખે દેખાય છે ત્યાં સુધી મને કશી હરકત નથી.' અને થોડું ખવાય, હરાય-ફરાય નહીં, તે હું પાસે બેઠો બેઠો શું કરું ? રોજ સહજાત્મ સ્વરૂપનો મંત્ર બોલાવ્યા કરું. હું બોલાવું તો એ બોલ્યા કરે. મને જ્ઞાન થયેલું નહીં તે વખતે. આમ તો એમના મનમાં ઈચ્છા એવી કે મારે આંખો હજુ સારી છે એટલે મારે વાંધો નથી. મેં એક ફેરો પૂછેલું, 'બા, જવું છે હવે ?' ત્યારે કહે, 'ના, શરીર સારું છે. મારી આંખો-બાંખ્યો સારી છે.' એટલે હું સમજી ગયો કે મહીં દાનત નથી એમની જવાની. 'મને આ ગોઠી ગયું છે' કહે છે. આ ચોર્યાસી વર્ષ થયા, આટલા ગપોટિયા તોય છે તે હજુ 'ગોઠી ગયું' એ છૂટતું નથી.

હવે મને તો માતૃપ્રેમ હોય જ ને ? માતૃભક્તિ હોય ને ? પણ શા માટે ? આ તટસ્થ રીતે હું જોઉં કે ઓહોહો ! મનુષ્યોના સ્વભાવ કેવા હોય છે ! કેવા મોટા, મહાન ! આવડા મોટા નોબલ માઈન્ડના હતા, હવે તે પણ કહે છે કે 'મારે તો હજુ આંખ્યો સારી છે ને !' એટલે મેં કહ્યું, 'દાનત છે એમની જીવવાની.'

## શોધખોળ દાદાની, 'આજે બાએ સહી કરી !'

આ તો હું શોધખોળ કર્યા કરું રોજ. દરેક બાબતમાં શોધખોળ કરતો'તો. એટલે મારે ત્યાં અમારા મામાના દીકરા રાવજીભાઈ આવ્યા હતા. ઉંમરમાં મારાથી ચાર-પાંચ વર્ષ નાના હતા. એટલે હું અને રાવજીભાઈ, અમે બેઉ એક દહાડો બહાર સાથે સૂતા હતા જોડે જોડે.

અમે તો રાતે બાર વાગેલા, તે સૂઈ ગયેલા. તે અમારા બાને છે તે એ દહાડે રાત્રે બાર-એક વાગ્યો હશે ત્યારે કંઈક ચૂક આવી હશે, એટલે એ ધીમે રહીને બોલવા માંડ્યા, અંદર. તે રાતે એક વાગે હું જાગી ગયો ત્યારે એ મહીંથી બોલતા'તા, 'હે ભગવાન, હવે તું લઈ લે મને. હવે છૂટાય તો સારું ! હવે છોડ.' એટલે પછી મેં રાવજીભાઈ જોડે સૂતા'તા, તેમને ઊઠાડ્યા તે ઘડીએ ગોદા મારીને. મેં કહ્યું, 'જુઓ, આ બાએ સહી કરી આપી ! હું રોજ કહું છું સહી, તે આજ સહી કરી આપી, સાંભળજો.'

તે બા ફરી બોલ્યા, 'હે ભગવાન ! તું લઈ લે.' બે વખત બોલ્યા. બીજી વખતમાં એ સાંભળી ગયા. મને કહે, 'કેમ આમ બોલ્યા ? આવું બોલ્યા ?' મેં કહ્યું, 'કંઈ દુઃખ થાય ત્યારે બોલે ને !' કારણ કે મહીં દુઃખ થાય તે સહન ના થાય ત્યારે માણસ ભાવ કરી નાખે કે 'બળ્યું, છૂટાય તો સારું.' તે સહી કરી આપે. પણ જો બાએ સહી કરી આપી.

## સહી થયા પછી જ આવે મરણ

આવી રીતે (કુદરત) સહી કરાવી લે છે.

મહીં એવો ગોદો મારી આપે ને તમારી પાસે સહી કરાવી લે. સહી કર્યા વગર જાય જ નહીં. ખરેખર તમારા માલિક કોણ છે ? તમારો ઉપરી કોઈ નથી. સિગ્નેચર (સહી) આ ઈન્કમટેક્ષમાં નથી લેતા ? બધામાં સિગ્નેચર. અહીંયા પરદેશમાં આવવું-કરવું હોય તો પાસપોર્ટમાંય સહી જોઈએ. જન્મ થતી વખતેય સિગ્નેચર વગર તો જન્મ જ ના થાય, તો આ કંઈ કોઈના બાપનું છે તે આપણને લઈ જાય ત્યાં આગળ ? નિયમરાજ તો કાયદો છે, એ આપણી સહીથી હલકી છે વસ્તુ. આપણી સહી હોય તો જ નિયમરાજા આવે. આ જમરા નથી, નિયમરાજ છે. યમરાજ નહોય. આપણી સહી વગર શી રીતે આમ ને આમ ખસે ? તમને સમજાઈ આ બાબત ?

આ તો બધું અનુભવના તારણ ઉપર લાવેલો હું પાછો. હું તો ધંધો જ એ માંડતો.

### મધર છેલ્લી સ્થિતિમાં હતા ત્યારે...

તે અમારા બા હતા ને, તે ચોર્યાસી વર્ષે ઓફ થઈ ગયા. બાને એ વખતે તો તબિયત બહુ સરસ આમ. અમારા બાનો છેલ્લો કાળ હતો, પથારીવશ હતા ને, ત્યારે મરણના બે કલાક પહેલાં પૂછ્યું કે કોણ કોણ બેઠા છે ? એમણે આંખો ખોલીને બધે જ જોયું કે કોણ કોણ છે તે ! અમારા મામી હતા ને એમનો છોકરો હતો. મેં કહ્યું, ‘આ જેરામભઈ.’ તો કહે, ‘હા... હા, બેસો.’ અને બે કલાક પછી તો મહીંથી ચાલવાની તૈયારી કરી દીધી. અને પછી એમના શ્વાસોશ્વાસ જોશથી ચાલવા માંડ્યા, એટલે હું જાણી ગયો કે આ તૈયારી કરી છે. આ હવે જાય છે. તે મેં બધાને કહ્યું, ‘તૈયારી છે આજની.’

પછી મેં કહ્યું, ‘તમે તમારી વિધિ કરજો, નવકાર મંત્ર બોલજો અને હું મારી વિધિ કરું છું.’ હીરાબાને બેસાડ્યા સામા ને પછી બધી વિધિઓ કરવા માંડી. તે મેં દોઢ-બે કલાક વિધિ કરી. પછી વિધિઓ પૂરી થયે બા ગયા.

### ફાધરના દેહવિલયે ઋણાનુબંધ પૂરા થયા

**પ્રશ્નકર્તા :** મૂળજીભાઈ કેટલી ઉંમરે ગયેલા ?

**દાદાશ્રી :** પચાસ-એકાવન વર્ષ.

**પ્રશ્નકર્તા :** એમ ? બહુ નાની ઉંમરમાં ગયા !

**દાદાશ્રી :** નાની ઉંમરમાં પણ તે દહાડે તો એકાવન વર્ષ જીવે તો બહુ કહેવાય.

**પ્રશ્નકર્તા :** એ તો બહુ આનંદ કરે લોકો, વન ઉજવ્યું એમ ઉજવે.

**દાદાશ્રી :** એકાવન - વનમાં આવ્યો, કહે.

**પ્રશ્નકર્તા :** (વિક્રમ સંવત ઓગણીસોને) ત્યાંસીની સાલમાં મૂળજીભાઈ ગુજરી ગયેલા. ત્યાંસીમાં એટલે આજે સાંઈઠ વર્ષ થયા (સંવત ૨૦૪૩, ઈ.સ. ૧૯૮૭).

**દાદાશ્રી :** હા, ત્યાંસીની રેલ (પૂર).

**પ્રશ્નકર્તા :** ત્યાંસીની રેલ આવેલી એટલે સાંઈઠ વર્ષ થયા. એટલે ફાધર તમારી કેટલા વર્ષની ઉંમરે ગયેલા ?

**દાદાશ્રી :** વીસ વર્ષનો હતો ને ફાધર ઓફ થઈ ગયેલા. શું બનેલું કે અમારા ફાધરની તબિયત સારી નહીં, ત્યારે હું અહીં કોન્ટ્રાક્ટના કામ પર જતો’તો. એટલે અમારા મોટાભાઈ મણિભાઈ મને કહે, ‘તું કામ પર રહે, હું ફાધરની ખબર કાઢી આવું. હું જરા મળી આવું છું.’ મેં કહ્યું, ‘સારું ત્યારે, તમે જઈ આવો. પછી હું આવીશ.’ તે ઈચ્છા મારી બહુ, વખતે દેહ છૂટી જાય તો ? પછી મારા બ્રધર છે તે ભાદરણ ગયા તે દહાડે. તે દહાડે બોરસદ ને ભાદરણની વચ્ચે પેલી ગાડીઓ ના

ચાલે, તે ઘોડાગાડી મળી. અને કોઈ વખત ઐસે હી ચલને કા !

તે એ ગયા પછી થોડીવાર પછી મને કુદરતી રીતે સહજ મહીં વિચાર આવ્યો કે 'લાવ ને, હેંડ ને ભઈ, આપણેય જવા દ્યો ને, હુંય ખબર કાઢી આવું. આ કામ બીજાને સોંપી દઉં અને હું પણ જાઉં.' એટલે હું પણ બાપુજીને મળવા ગયો. મેં એ કામ બીજા બધાને સોંપી દીધું અને હું તો ઉપડ્યો ને ઘોડાગાડીમાં બેસી ગયો.

પછી મણિભાઈ તો પાછા આવતા'તા ત્યાં, જોવા ગયા'તા ત્યાંથી અને મારું આવવું, તે સામા ભેગા થયા. તેમણે મને પૂછયું કે 'તું આવ્યો કે ?' મેં કહ્યું, 'હા, મને મહીંથી વિચાર આવ્યો કે જઉં, તે હું બીજા બધાને કામ સોંપીને આવ્યો છું.' ત્યારે એમણે મને કહ્યું, 'તો હવે તું ત્યાં ઘેર જા અને હવે હું કામ પર પાછો જાઉં છું. તું રહેજે હમણાં બે-ચાર દહાડા, બાપુજીની તબિયત નરમ છે તે. હું ત્યાં કરી લઈશ બધું.' એટલે બ્રધર ત્યાં પાછા ગયા અને હું 'ફાધર' પાસે આવ્યો. એટલે એમણે રાત્રે ને રાત્રે જવાની તૈયારી કરી દીધી, ત્યાં સુધી એ જતા ન હતા. હું આવ્યો એટલે જવાની તૈયારી કરી, નહીં તો ત્યાં સુધી તૈયારી નહોતા કરતા. તે બા કહે, 'સારું થયું તું આવ્યો. આજે તો વધારે ખરાબ હાલત છે.' પછી થોડીવારે ઓફ થઈ ગયા. રાતે ને રાતે જ મુસાફરી પૂરી કરી.

તે હું આવ્યો ને ફાધર ઉપડ્યા ! એટલે જેના ખભે ચઢવાનું હોય તેના જ ખભે ચઢાય. હું ચાર જ કલાક અગાઉ આવેલો વડોદરેથી, તે આગલે દહાડે મોટાભાઈ આવેલા. પણ જેને ખભે નનામી ચઢવાની હોય, હિસાબ હોય તે ચૂકવાય છે. તે અહીં મારા ખભા ઉપર જવાના હતા, તે એ રીતે ગયા. અમારા ઋણાનુબંધ પૂરા કર્યા.

## બધાને હજી ફાધર છે, મારે કેમ નહીં ?

હું વીસ વર્ષનો થયો, ત્યારે ફાધર ઓફ થઈ ગયા. એય મેં હિસાબ કાઢ્યો'તો. મેં કહ્યું, 'વીસ વર્ષે આ બધાના ફાધર છે ને મારે કેમ નહીં ?' ના હોવા જોઈએ બળ્યું, ફાધર ? ત્યારે મને સમજાયું કે મેં શો દગો કર્યો'તો, તેથી આ ફાધર ઓફ થઈ ગયા. તે તરત ખબર પડી ગઈ મને. અને મધર નિરાંતે પચાસેક વર્ષ સુધી રહ્યા. એટલે આ દગા ને ફટકાને લીધે આ બધું. તે હવે આ દગા-ફટકા છોડી દેવાની જરૂર છે બધી. આ જ્યાં જ્યાં આવું બનેલું ને, ત્યાં બધે કુદરતને ત્યાં નોંધ હોય.

તે મને તરત ખબર પડી કે આનું શું ? લોકોને તો પચાસ-પચાસ વર્ષના થયે પણ ફાધર હોય છે ને મારે શું છે ? પણ એ ગુના કરેલા.

**પ્રશ્નકર્તા :** ફાધર ઓફ થઈ ગયેલા એમાં શું ગુનો હોય ?

**દાદાશ્રી :** એ દગા-ફટકા જ કરેલા ને ! એટલે એ પિતૃભાવના દગા-ફટકા કરેલા ને દગા-ફટકાનું પરિણામ મળ્યું. અને માતૃભાવમાં એવું નહીં કરેલું, તે માતૃભાવ રહ્યો.

## મહેમાન આવ્યા'તા એ ગયા

**પ્રશ્નકર્તા :** સંતાનો મરી ગયા ત્યારે આપની અવસ્થા, પરિણતિ કેવી હતી ?

**દાદાશ્રી :** છોકરાનો જન્મ ૧૯૨૮માં થયેલો ત્યારે હું વીસ વર્ષનો હતો. તે છોકરો જન્મ્યો ત્યારે પેંડા ખવડાવ્યા અને પછી હું બાવીસ વર્ષનો થયો ત્યારે એ મરી ગયો, ૧૯૩૧માં એ ઑફ થઈ ગયો. ત્યારે મેં ફરી પેંડા ખવડાવ્યા બધાને. 'આવ્યો હતો તે ગયો', કહ્યું. પહેલા જે મહેમાન આવ્યો'તો એ ગયો. તે એમને 'મહેમાન' કહેતો. મહેમાન આવ્યા'તા તે ગયા. પછી દીકરી આવી, તેય ગઈ.

તે મહેમાન તરીકે કહેતો'તો. શાદી કરી એટલે મહેમાન તો આવ્યા વગર રહે જ નહીં ને ! અને પછી છે તે પાછું દૂધીનું બી નાખ્યું, પાણી નાખ્યું, ખાતર નાખ્યું, એટલે પછી શું થાય ? ઊગી નીકળે દૂધી. અને દૂધી નીકળી એટલે પાંદડે-પાંદડે પાછા દૂધિયાં બેસવા માંડ્યા. એ તો દૂધિયાં હઉ બેસે પાછા. દૂધીને વેલો હોય, પાને પાને દૂધિયાં બેસે ને ?

**પ્રશ્નકર્તા :** હાસ્તો !

**દાદાશ્રી :** એને શું વાર લાગે તે ? તે પહેલું દૂધિયું બેઠું, તે બે-ત્રણ વર્ષ રહીને એ ચાલ્યું ગયું. તે જન્મ થયો ને ત્યારે મેં પેંડા ખવડાવ્યા ભઈબંધોને, દોસ્તારને. કંઈ કરવું તો પડે ને ! આ તો વ્યવહાર દુનિયા છે. નહીં તો મૂઆ ટોકી ખાય. 'એ ચીકણા લાટ જેવા છે, કંઈ પેંડાય નથી ખવડાવતા' એવું કહે. તે પેંડા ખવડાવ્યા.

## સમજો તો ગેસ્ટ, ના સમજો તો છોકરાં

**પ્રશ્નકર્તા :** છોકરો મરી ગયો અને પેંડા ખવડાવ્યા એ તો બહુ ગજબ કહેવાય !

**દાદાશ્રી :** ત્યારે હું એ લોકોને એમ કહું કે બાબો મરી ગયો, એટલે મારે મોઢું કેવું રાખવું પડે ? બનાવટી. તે એમનુંય મોઢું કેવું થઈ જાય બિચારાનું ! હેં...?

**પ્રશ્નકર્તા :** એવું જ થઈ જાય પછી.

**દાદાશ્રી :** મને ના ફાવે. તે મેં કહ્યું, 'ચાલો, આજ પેંડા ખવડાવું.' તે આઠ-દસ જણની ટોળી હતી, તે પેંડા ખવડાવ્યા, ચા-પાણી-નાસ્તો કરાવડાવ્યો. 'બીજો બાબો છે કે બેબી ?' મેં કહ્યું, 'પછી કહું, નાસ્તો કરી લો.' ત્યારે કહે, 'બાબો હોય તો વધારે ખઈએ.' ત્યારે મેં કહ્યું, 'તમે ખાવ વધારે, પછી તમને કહું.' પેંડા ખવડાવતા સુધી મેં ફોડ ના પાડ્યો. જો મરી ગયો એમ કહું, તો ખાય નહીં માણસ. એટલે ખવડાવ્યા પછી મેં કહ્યું, 'પેલા ભાઈ આવ્યા હતા ગેસ્ટ (મહેમાન), તે ગયા.' શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** ગેસ્ટ ગયા !

**દાદાશ્રી :** એટલે બૂમાબૂમ કરવા માંડ્યા પેલા બધા. 'આવું કરો છો, આવું કરો છો ?' મેં કહ્યું, 'અલ્યા, હું બાપ થઈને કરું છું ને તમારે શું વાંધો છે હવે ?' તોય વઢવા માંડ્યા. મને કહે છે, 'પેંડા ખવડાવાતા હશે ? આવું કરાતું હશે ?' મેં કહ્યું, 'ભાઈ, તમે જો સમજો તો એ ગેસ્ટ છે અને ના સમજો તો તમારો છોકરો છે.'

તે બધાના મોઢા આમ ઉતરી ગયા. મેં કહ્યું, 'મારું નથી ઊતરતું, તે તારું કેમ ઉતરે છે ? એ તો મહેમાન હતો, ગેસ્ટ હતો.' એ તો ગેસ્ટ હતો, તે ગેસ્ટ ના જાય ? ગેસ્ટને ઝાલી રખાય ? મને કહે, 'આવું ના બોલાય, ના બોલાય આવું. અમે આ પેંડા ખાધા છે !' મેં કહ્યું, 'હું હઉ ખાવા લાગું છું ને !' મેંય પેંડા ખાવા લાગ્યા. પછી કકળાટ કરવાનો હોય ? એ તો ફરી આવશે, આના આ જ દૂધિયાં બેસતા વાર કેટલી લાગશે ? વેલો છે, નર્યા દૂધિયાં બેસ્યા જ કરે. પાછી છોડી છે તે પછી બેઠેલી (જન્મેલી). તે પાછું મરતું જાય ને બેસતું (જનમતું) જાય, બેસતું જાય ને મરતું જાય.

અમારો છોકરો મરી ગયો, છોડી મરી ગઈ ત્યારે હું ખુશ થતો'તો. ખુશ થતો હતો એટલે એમ નહીં કે સારું, પણ હોય તોય હા, બરોબર છે અને ના હોય તોય કંઈ વાંધો નથી. કારણ કે એ ગેસ્ટ છે.

**પ્રશ્નકર્તા :** જ્યારે એ મહેમાન જાય છે ને, ત્યારે દુઃખ થાય છે.

**દાદાશ્રી :** આ તો પેલો ભ્રાંતિનો અમલ છે ને, એટલે આ બધું... આપણે જાણતા નથી કે

ગેસ્ટ છે આ. બાકી આ તો બધા ગેસ્ટ છે, આવે છે ને જાય છે. આવે-જાય એનું નામ ગેસ્ટ કહેવાય. તમારે ત્યાં ગેસ્ટ આવે કે નહીં ?

**પ્રશ્નકર્તા :** અમારે આ બે...

**દાદાશ્રી :** હા... ગેસ્ટ, ત્યારે પછી ! ગેસ્ટને રાખીએ તોય ના રહે. ચાર દહાડા રહેવાના હોય ને પાંચમે દહાડે રાખીએ તોય ના રહે, નાસી જાય પાછો છાનામાનો. જો માનભેર આવ્યા'તા તો માનભેર કાઢો આપણે. એટલે આ માન આપ્યું, તે બધા મને વઢવા જ માંડ્યા. અરે, ના વઢાય. માનભેર જવા દેવા જોઈએ. પછી બેબીબેન આવ્યા'તા ને એમને માનભેર બોલાવ્યા, માનભેર કાઢ્યા. તે આવ્યા ને ગયા બધા. પછી તો કોઈ છે નહીં, હું ને હીરાબા બે જ છીએ.

## મૃત્યુ સમયે રિયલ-રિલેટિવની સમજણ

**પ્રશ્નકર્તા :** દાદા, એ વખતે આપને અંદર શું સમજણ ઊભી થઈ હતી એ કહો ને !

**દાદાશ્રી :** એટલે મેં કહ્યું, આ મારે કંઈ લેવાદેવા છે આની જોડે ? હિસાબ હતો એ ચૂકતે કરી એ હેંડ્યો એને ઘેર, હું મારે ઘેર જતો રહીશ. બા એમની ઘેર જતા રહ્યા, મૂળજીભાઈ (પિતાશ્રી) એમને ઘેર જતા રહ્યા, ભાઈ એમને ઘેર જતા રહ્યા, સબ સબકે ઘર. તમેય 'દાદા-દાદા' કરતા જતા રહેશો અને હુંય જતો રહીશ. આ દાદા વ્યવહાર પૂરતા, નાટકમાં. પછી કંઈ દાદા ખરા ? પછી તો આત્મા. આત્માની સગાઈ સાચી ! કારણ કે કાયમ રહે એ મૂળ ધણી !

આ વ્યવહારની સગાઈ તો જ્યાં સુધી છે ત્યાં સુધી. કોઈ કોઈનો છોકરો થતો જ નથી. મને એવું કોઈ દા'ડો સમજાયું નથી, કોઈ કોઈનો છોકરો હોય એવું. એવું છે ને, આ હિસાબ છે. ઋણાનુબંધના આધારે બધું થાય છે. કોઈ કોઈનો છોકરો થયો નથી ને કોઈ કોઈનો બાપ થયોય નથી. આ તો ખાલી ઋણાનુબંધનો સંબંધ છે. શું છે ? ઋણનો અનુબંધ છે. માગતા લેણાનો. રૂપિયાનું માગતું લેણું નહીં, મેં દુઃખ તમને દીધેલું, એ દુઃખ દેવા તમે આવો મને. તે આ બાંધેલા વેર છોડે છે લોકો. એટલે છોકરો-છોડી મરી ગયા ત્યારે મને તો થયું કે 'આપણું કોઈ થયું ?' આ દેહ આપણો નથી થતો, તો વળી દેહનો છોકરો તે વળી શી રીતે આપણો થતો હશે ? થાય ખરો ? છોકરો દેહનો કે આત્માનો ?

**પ્રશ્નકર્તા :** દેહનો.

**દાદાશ્રી :** આ બધી રિલેટિવ (વિનાશી) સગાઈ છે, રિયલ (કાયમની) સગાઈ નથી. ઑલ ધીસ રિલેટિવ્સ આર ટેમ્પરરી એડજસ્ટમેન્ટ (આ બધા વિનાશી સંબંધો છે). આ બધું ટેમ્પરરી એડજસ્ટમેન્ટ છે, ત્યાં આપણે શું કરવાનું ? આ તો બધું દેહને પોતાનો માને છે એટલે પોતાનો છોકરો માને છે, પણ દેહને પોતાનો નથી એવું જ્યારે જાણે, ત્યારે કોનો છોકરો માને ? પણ આ મોહને લઈને પોતાનો છોકરો લાગે છે.

## પારકું પોતાનું થાય કોઇ દહાડો ?

**પ્રશ્નકર્તા :** છોકરો-છોડી બન્ને મરી ગયા ત્યારે હીરાબાને શું પ્રતિભાવ થયો ?

**દાદાશ્રી :** હીરાબાને છોકરો-છોડી મરી ગયા, ત્યારે મહીં મનમાં દુઃખ થયું હતું. ત્યારે મેં કહ્યું, 'આ જાય છે તે હિત થાય છે, અત્યારે. ના જાય તો આપણે વાંધો નથી અને જાય તોય વાંધો નથી, એવું રાખો. નહીં તો આમાં મજા નથી. મોટો થયા પછી મજા નથી આમાં. આ બૉમ્બ એવો ફૂટશે કે મનમાં એમ થશે કે આ ક્યાં...'

**પ્રશ્નકર્તા :** ... મોટો કર્યો !

**દાદાશ્રી :** હા, માટે આ એની મેળે ફૂટી ગયો

તે બહુ સારું થયું, નિવેડો આવી ગયો ! એમ ને એમ ના કઢાય. આપણે એવી ઈચ્છા ના કરાય કે તું જતો રહે બા. આવ્યો એટલે કર્મના ફળ ભોગવવા જ પડે ને આપણે ? હિસાબ તો ચૂકવવો જ પડશે ને ? એની જોડે હિસાબ છે અને જેવા ભાવે છે તેવા ભાવે જ ચૂકવાય. ભાવમાંય ફેર ના થાય. માટે આ તો બધું વેરથી બંધાયેલું છે. તે વેરથી કેમ કરીને છૂટવું, એ આવડત આવવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** પૂર્વના વેરથી જ ભેગા થાય.

**દાદાશ્રી :** આ તો પહેલેથી આપણે ત્યાં શાસ્ત્રકારોએ કહેલું છે કે કળિયુગમાં ઘરના માણસો પૂર્વના વેરથી આવશે, ભેગા થશે. એટલે મેં તો છોકરો પધાર્યો ને, તે નાનપણમાં જ પેંડા ખવડાવી દીધા. તે મૂઆ, મેલો ને પૂળો, વગર કામના ! શું કાઢવાનું છે ? ત્યારે હીરાબા કહે છે, 'તમને આનો કશો પ્રેમેય નથી આવતો, આવું બોલો છો તે !' મેં કહ્યું, 'આ મોટો થઈને દારૂ પીવત અને આ ઉપાધિ થાય, તે મારાથી સહન ના થાત. તે બધું પાંસરું થયું છે આ બધું.'

જ્ઞાન થતાં પહેલાં હીરાબા કહે, 'છોકરાં મરી ગયા તે હવે છોકરાં નથી, શું કરીશું આપણે ? ઘૈડપણમાં સેવા કોણ કરશે ?' એમને હઉ મૂંઝવે ! ના મૂંઝવે ? ત્યારે મેં તેમને કહ્યું, 'આજનાં છોકરાંઓ દમ કાઢશે તમારો. એ દારૂ પીને આવશે તે તમને ગમશે ?' ત્યારે એ કહે, 'ના, એ તો ના ગમે.' ત્યારે મેં કહ્યું, 'દારૂ પીને આવશે. આ આવ્યા હતા તે ગયાં. તેથી મેં પેંડા ખવડાવ્યા.' તે પછી જ્યારે એમને અનુભવ થયો ત્યારે મને કહે છે, 'બધાનાં છોકરાં બહુ દુઃખ દે છે.' ત્યારે મેં કહ્યું, 'અમે તમને પહેલેથી કહેતા પણ તમે નહોતા માનતા !'

આ પારકું તે વળી પોતાનું થતું હશે કોઈ દહાડોય ? નકામી હાય હાય હાય કરીએ. આ દેહ જ્યાં પારકો, તે દેહના પાછા એ સગાં. પારકો અને પારકાની પાછી મૂડી, તે પોતાની થતી હશે ?

## મોટાભાઈના મૃત્યુ સમયે સાચવ્યા વ્યવહાર

અમારા મોટાભાઈ મણિભાઈ પુણ્યશાળી માણસ, પણ શું થાય તે ? એય નાની ઉંમરમાં ઓફ થઈ ગયા ને !

**પ્રશ્નકર્તા :** કેટલી ?

**દાદાશ્રી :** પચાસ વર્ષની. શરીર બધું ખલાસ થઈ ગયેલું એમનું. કારણ કે એમણે ઉપવાસ કરેલા તે વખતે એકત્રીસ. તે ઉપવાસથી મરી ગયેલા. ઉપવાસમાં હેલ્પ ના થઈ બરાબર.

એ એકત્રીસ ઉપવાસ કર્યા પછી એમને તબિયત બગડવાથી એમની લાઈફ ફેલ થઈ ગઈ.

મોટાભાઈ મરી ગયા ત્યારે મનમાં ભય પેઠો કે સાલું કોઈ નહીં આવે તો શું કરીશું ? સ્મશાનમાં કોઈ ના આવે તો શું કરીએ ? લોકો બધા સત્યાગ્રહ કરે તો ? કારણ કે શું થયું હતું કે એ કોઈને ત્યાં સ્મશાનમાં નથી આવ્યા એવા પાટીદાર ભારે ! કોઈને ત્યાં સ્મશાનમાં એ પોતે જાય નહીં ને મને જવા ના દે. 'એય સ્મશાનમાં નહીં જવાનું' કહે.

ત્યારે મેં કહ્યું, 'આ બા મરી જશે તો કોણ આવશે ?' 'એ તારે જોવાનું નહીં. સ્મશાનમાં નહીં જવાનું' કહે છે. તે હું ના જઉં. તે પછી મનેય એવો ભય રહ્યા કરે, અમારા બા ઘૈડા હતા. તે મેં કહ્યું, 'આ બા મરી જાય તો કોઈ આવશે નહીં આપણે ત્યાં, અને આ મણિભાઈને તો કોઈની પડેલી નથી.' એટલે હું છાનોમાનો જઈ આવું. આપણે વ્યવહારુ માણસ, વ્યવહાર સાચવું. તે પછી એ પહેલાં મરવાના થયા, બા પહેલાં.

પણ એ ગયા ને, તે દહાડે ચાલીસ-ચાલીસ માણસ બેસી રહ્યું'તું ! કશું આંચ નહીં આવી.

## જગતમાં લૌકિક વ્યવહારની પોલ

મારું કહેવાનું કે કોઈના મરણ પાછળ આજે તમે રડવાના હો, તો શરત કરો, કે 'ભાઈ, ત્રણ વર્ષ સુધી હું રડ્યા જ કરીશ; પછી રડવાનું બંધ કરીશ.' એવી કંઈ શરત કરો, 'એગ્રીમેન્ટ' કરો. આ તો બહેનો પણ રડવા આવે તો તેમને કહીએ, કે 'શરત કરીને પછી રડો કે ત્રણ વર્ષ સુધી આપણે રડીશું.' પણ આ તો પંદર દહાડા પછી કશુંય નહીં ! ને પછી સારી સાડી પહેરીને હસી હસીને ઊલટી લગનમાં હઉ જાય ! આનું કારણ શું છે ? બેભાનપણું છે. હવે એવા બેભાન જોડે આપણે ક્યાં રડવા બેસીએ ? આપણે તો ત્યાં આગળ અમથું નાટક કરવું પડે. ત્યાં આગળ કંઈ આપણાથી હસાય નહીં. હસીએ તો મૂરખ કહેવાઈએ, પણ દેખાવ તો કરવો પડે ને ? નાટકમાં જેમ અભિનય કરે છે, એવો અભિનય કરવો પડે. આંખમાંથી પાણી ના આવતું હોય તો બાથરૂમમાં જઈને જરા પાણીવાળી આંખો કરી આવવાની; પણ તમે તો ભાઈ સુંવાળા માણસ તે ભારે કરી, સહેજ કહેતાની સાથે જ આંખમાંથી પાણી નીકળવા માંડ્યા !

આ જગતનું પોલ બધું હું જોઈ આવેલો, કારણ કે હું સાચો પુરુષ હતો. મને આવું લૌકિક ના ફાવે. આવું લૌકિક તે ફાવતું હશે ? રડવું એટલે રડવાનું જ આવે, પણ પછી મેં જોયું કે આ પોલું જગત છે. આ કંઈ સાચો વેપાર છે ? તમને કેવો લાગે છે ? ત્યારે આ ખોટોય નથી. આ તો લૌકિક છે. આપણે એવું લૌકિક કરવાનું. લૌકિક એટલે જેવો વ્યવહાર આપણી જોડે લોકો કરે, એવો આપણેય કરવાનો. તમને એ લૌકિક ગમે ?

લૌકિક એટલે વ્યવહાર. સબ રોતા હૈ તો આપણે પણ રોવાનું, પણ રડ્યા વગર રોવાનું, (ખરેખર) રડવાનું નહીં. આ લૌકિકમાં બધી સમજ પડે છે, પણ આમાં સમજ પડતી નથી. આમાં સાચેસાચું રડે છે !

એવું છે ને, કે વ્યવહાર બધો ઉપલક છે અને નિશ્ચય સાચો છે. હવે ઉપલક રકમો કંઈ ઓગાળી દેવાય આપણાથી ? આમ ઉપલક રકમો ઓગાળી દેતા નથી ને ? પણ આમાં તો ઉપલકને ઓગાળી ગયા, એ ઉપલકને જ સાચો માન્યો છે જ્યાં ! એટલે વાતને સમજવાની જરૂર છે.

## સ્વાર્થની સગાઈ માટે રડે

અમારા મોટાભાઈ ગુજરી ગયા, તે વખતે અમારા ભાભી ઉંમરમાં નાના, તે જે કોઈ આવે એ એમને રડાવે, જે કોઈ આવે તે એમને રડાવે ! ત્યારે મને થયું કે આ ભાભી 'સેન્સિટિવ' વધારે છે, તે આ લોકો આમને બિચારાંને મારી નાખશે ! એટલે પછી મેં બાને કહ્યું, કે 'લોકોને તમે એમ કહેજો કે ભાઈ સંબંધી તમારે વહુ જોડે કશી વાતચીત કરવી નહીં.' અલ્યા, આ શું તોફાન ? અલ્યા, માણસ થઈને વાંદર ઘા જેવું કરો છો ? તમારા કરતા તો વાંદરા સારા ! વાંદરો તો ઘાને પહોળો કરી કરીને મારી નાખે ! એવું તમે કહી કહીને કરો છો ? તો તમારામાં ને વાંદરામાં ફેર શો ? લોકોને રડાવા માટે આવો છો કે હસાવા માટે આવો છો ? આ તો આશ્વાસન આપવા જવાનું, એને બદલે બિચારાને મારી જ નાખે ! પણ જગતનો કાયદો એવો છે કે આશ્વાસન આપનારો માણસ પોતે જ દુઃખી હોય તો શું આશ્વાસન આપે ? એ તો એની પાસે જે છે તે જ આપે, એટલે આજે લોકો દુઃખી છે ને ! એટલે આપણે સામાને એમ કહેવાનું કે કોઈ માણસ સુખી હોય, અંતરના સુખવાળો હોય તો અહીં પધારજો, નહીં તો અહીં પધારશો નહીં અને ઘેર બેઠા આશ્વાસન પત્ર લખી નાખજો. આ ભૂતાંને અહીં નકામાં શું કરવાના ? ભૂતાં તો આવીને બિચારાને ઊલટાં રડાવે.

આપણે ત્યાં 'કાણ કાઢો, લૌકિક કરો' કહે છે. 'કાણ કરો, મોકાણ કરો.' તે શાથી, કે એમ

કરીને બધું ઠંડું પાડી દો. આ રડે એટલે એની ભાવના બધી નીકળી જવા દો, કહેશે. આંસુ ના નીકળી જાય તો માણસ ગાંડો થઈ જાય. એટલે રડવા દેવો પડે. રડવાનુંય 'ઓબસ્ટ્રક્ટ' ના કરાય ને હસવાનુંય 'ઓબસ્ટ્રક્ટ' ના કરાય, નહીં તો માણસ 'મેડ' (ગાંડો) થઈ જાય. એટલે આપણે ત્યાં જે થાય છે એ બરાબર થાય છે, છતાં હવે આપણે ત્યાં કાણ ને એ બધું નીકળી ગયું. આપણા લોક સમજી ગયા કે આમાં સાર વગરની વાતો છે. અને બાઈસાહેબેય સમજી ગયા, કે 'મેલો ને છાલ, ગયા તે ઓછા આવવાના છે ? પણ બેંકમાં ત્રીસ હજાર મેલતા ગયા છે ને !' એટલે આ બધી સ્વાર્થની સગાઈ છે. આમાં કો'ક જગ્યાએ મહીં સારી ભાવનાઓ હશે, પણ બહુ જૂજ જગ્યાએ. મૂળ સંસ્કારો બહુ જૂજ જગ્યાએ રહ્યા હશે; બાકી બધું સ્વાર્થમાં, ઘાટમાં ને ઘાટમાં પેસી ગયું છે.

## સ્વજનના મૃત્યુ પાછળ કોઈ ના મરે

દિવાળીબાએ શી રીતે આ રંડાપો કાઢ્યો હશે બધો ?

**હીરાબા :** તે તો કાઢે જ સ્તો. એ તો કાઢે ને બધુંય. ધણી મરી જાય એટલે થઈ જાય પાછું.

**દાદાશ્રી :** પછી ભૂલી જાય ?

**હીરાબા :** હં. તે આ ભૂલી ગયા !

**દાદાશ્રી :** મણીભાઈ જીવતા હતા ત્યારે એમને કહેતા'તા ને, 'તમે ના હો તો હું તો મરી જઉં.'

**હીરાબા :** હોવે ! કોઈ નથી મરી જતું પાછળ.

**દાદાશ્રી :** એ એવું કહેતા'તા, 'તમે નહીં હો તો મારાથી જીવાય નહીં.' ત્યારે હું સમજતો'તો કે આ શું મોટો રોફ મારે છે ?

**હીરાબા :** કોઈએય ના મરે, બધાય જીવે. આ ધણી મરી જાય તોય એ તો ખાય-પીવે ને બધું મઝા કરે.

**દાદાશ્રી :** તમે તો ના જીવો ને ?

**હીરાબા :** હોવે, હુંયે જીવું. બધાય કંઈ મરી જાય છે પાછળ ? કોઈએ મરતું નથી.

**દાદાશ્રી :** એમ !

**હીરાબા :** કોઈએય ના મરે.

**દાદાશ્રી :** આ દુનિયા આવી ?

**હીરાબા :** અરે ! દુનિયા તો વળાવી ને પાછી પરણી જાય.

## ખાતરી પાકી, દાદાની હાજરીમાં દેહ છૂટયો

**પ્રશ્નકર્તા :** હીરાબા બહુ ભદ્રિક, દેવી જેવા, બહુ જ સરળ, જરાય આડાઈ નહીં.

**દાદાશ્રી :** તે મને કહેતા હતા, 'હું હવે જઉં તો સારું.' મેં કહ્યું, 'એની ઉતાવળ શું કરવા કરો છો, શેના હારુ ઉતાવળ કરો છો ?' ત્યારે કહે, 'ના, તમારા પછી મારે ના રહેવાય. મારે તો પહેલું જ જવું જોઈએ.' એટલે કાયદાના આધારે, હં. એવું પ્રેમના આધારે નહીં, કાયદાના આધારે. તમારા વગર મને ગમશે નહીં એવું નહીં, પણ કાયદો એવો કે 'હું છે તે સૌભાગ્યવંતી થઈને જઉં. એટલે ગંગાસ્વરૂપ મારે થવું ના પડે.'

**પ્રશ્નકર્તા :** દાદા, હીરાબાની એક વાત સાચી પડી. એ મને કહેતા'તા, કે હું જ્યારે જઈશ ત્યારે દાદા હાજર હશે. મને પ્રૉમિસ આપેલું છે, કહે છે. તે એ બહુ માંદા થઈ જાય ને તમે વડોદરામાં હાજર ના હોવ ને, તો મને ગભરામણ ના થાય !

**દાદાશ્રી :** હા, આ ખાતરી તો જોઈએ ને !

**પ્રશ્નકર્તા :** ખાતરી, અને તમે અહીં આવી જાવ ને, પછી બહુ ચિંતા ના થાય, કે દાદા અહીંયા છે. પણ આજથી કેટલાય વર્ષ ઉપર કહેલું મને, કે આ તમે પંદર દહાડા અહીં રહો, પંદર દહાડા મુંબઈ જાવ. અને વાતમાં ને વાતમાં કહેલું છે, એમનું પ્રૉમિસ છે કે હું દેહ છોડીશ ત્યારે એ હાજર હશે.

**દાદાશ્રી :** બહુ જબરજસ્ત ખાતરી કહેવાય, એવી પોતાની જાતની ખાતરી હોય તો એ કામ કર્યા વગર રહે જ નહીં ને ! જાતની ખાતરી !

### છેલ્લા મહિના જોડે રહી મુક્ત કર્યા

મને પેલા નટુભાઈ ગઈ સાલથી કહે કહે કરે કે 'હીરાબા છે તે આ દિવાળી નહીં કાઢે.' એટલે હું ચેતી ગયેલો. મેં કહ્યું, 'દિવાળી પહેલા કંઈ થાય તો...' એટલે અહીં રહેતો'તો, ખસતો નહોતો. મેં કહ્યું, 'આ બોલેલો છે ત્રાહિત રીતે, રાગ-દ્વેષ રહિત ! વાણી કંઈ અવળી પડે નહીં. કંઈક બોલે છે, માટે બરોબર છે.' તે અહીં રહેલો.

**પ્રશ્નકર્તા :** અને એ માટે કદાચ એક્સિડન્ટ પણ નિમિત્ત હોય કે જેથી તમારે અહીંયા રહેવું જ પડે.

**દાદાશ્રી :** બધું નિમિત્ત જ ને ! હિસાબ બધો ચૂકતે કરે ને ! છેવટે મુક્ત કર્યા. ત્રણ મહિના રહ્યા'તા સાથે, જોડે ને જોડે, ચોવીસેય કલાક.

### છેલ્લા દહાડા સુધી માથે પગ મૂકીને વિધિ

દરરોજ રાતે વિધિ-બિધિ બધું કરીએ. બ્લડ પ્રેશર હતું, પહેલા પ્રેશરની ઉપાધિ બહુ હતી, તે માથા પર પગ મૂકીને વિધિ કરતા'તા. તે બંધ થઈ ગયેલું. માથા પર બબ્બે પગ મૂકી અને વિધિ આમની એકલાની જ કરીએ છીએ. ઠેઠ સુધી એ વિધિ કરતા'તા. છેલ્લે દહાડે પણ એ જ કરેલું. પહેલા અહીં અંગૂઠે વિધિ કરવાની, પછી માથા પર. એમ કરીને દસ મિનિટ કાઢવાની, દરરોજની. આટલી અમારી ભક્તિ. બીજું શરીર તો ઊંચકાય નહીં અમારાથી અને અડવા દેય નહીં કોઈ દહાડો. 'આટલું કરી આપજો ને' કહે. આ બે મહિનાથી વિધિ કરી ને, તે એમને સમાધિ રહેતી'તી. પછી વિધિ કરી લઉ ત્યારે પછી 'જય સચ્ચિદાનંદ' કહે.

**પ્રશ્નકર્તા :** હા. મહાત્માઓ બધા એમને 'સચ્ચિદાનંદ' કહે, તો સામે જવાબ મળતો 'સચ્ચિદાનંદ.'

**દાદાશ્રી :** હા, જવાબ મળતો'તો અને ઓળખતા'તા હઉ બધાને !

**પ્રશ્નકર્તા :** અવાજ પરથી ઓળખતા, દાદા.

**દાદાશ્રી :** હા...

### ડૉક્ટર તો નિમિત્ત, ચાલે બધું કુદરતી

અને એમને કોઈ દહાડોય દુઃખ પડ્યું જ નથી. તે ઠેઠ સુધી વાતો કરતા'તા. આમ કોઈની પડેલી નહીં, કોઈની અંદર ડખલ નહીં. કોઈનું નુકસાન થાય કે એવું કશું નહીં. બધાને સારું થાય એવી ભાવના !

**પ્રશ્નકર્તા :** પણ શ્વાસમાં કાંઈ ભરાઈ ગયેલું ?

**દાદાશ્રી :** ના, એ તો કુદરતનો નિયમ જ એવો કે તે ઘડીએ ડૉક્ટરનેય ગળફો બંધ કરી દે. આપણે ડૉક્ટરને કહીએ, 'બધાના ગળફા કાઢ્યા.' ત્યારે કહે, 'આ ના નીકળે.' કુદરતને ગળફો બંધ કરી દેતા કેટલી વાર લાગે ? એમાં માણસનું શું ગજું તે ? માણસ તો એક નિમિત્ત છે અને તે નિમિત્ત રૂપે કામ કરી જાય. ડૉક્ટરને આપણાથી 'ના' ન કહેવાય, કે તું શું કરવાનો છે ? કારણ કે નિમિત્ત છે એ.

## છેલ્લે દાદાની સમાધિમરણ થાય એવી વિધિ

શાતા વેદનીય ક્યાંથી ઉત્પન્ન થઈ ગઈ ? આવી કેવી પુણ્યૈ કહેવાય ? તે મનમાં ભય રહ્યા કરે કે કોઈ અશાતા આવી પડે તો ? એટલે હું રોજ પ્રાર્થના કરું, કે એમને અશાતા ના આવે. આવા સુંવાળા માણસને અશાતા આવે એના કરતા મને આવો.

**પ્રશ્નકર્તા :** આવા સમયમાં તો લોકો ચીઢિયા બહુ કરે, બીજા તો ચીઢિયા કરે.

**દાદાશ્રી :** હા, વિધિઓ થઈને. ચીઢિયા તો ખાધા જ નહીં એમણે.

એ બીજા ચીઢિયા કરે છે ને, એ એનું કારણ પોતાને દુઃખ થાય છે તે સહન થતું નથી. આમને દુઃખ જ થતું નહોતું ને !

જુઓ ને, આ પણ અક્ષરેય બોલ્યા નથી. બૂમ નહીં, બરાડો નહીં, ફરિયાદ નહીં. શાતા વેદનીય કાયમને માટે ! અશાતા ના હોય તો જ આવું બોલે ને, નહીં તો ચીઢાયેલા હોય. નહીં તો જ્ઞાનીનેય અશાતા વેદનીય હોય. અસર ના થાય એ જુદી વસ્તુ છે. અશાતા વેદનીય હોય એટલે શબ્દ કકરો નીકળે. એમને તો એય કકરો નહીં.

એટલા માટે હું રોજ વિધિ કરતો હતો કે અશાતા વેદનીય દેખાય નહીં તો સારું. હવે આવી નથી. અને છેલ્લે દહાડે આવે તો ? એટલે મેં એની વિધિઓ કરેલી કરેક્ટ. અડધી રાતેય પાછી બધી વાતોચીતો કરી હતી. અને તે દહાડે રોજના જેવું જ લાગે આપણને. અને એમણે કહ્યું કે 'મારો આ હાથ દુઃખે છે.' થોડીકવાર દબાવ્યું, ત્યારે કહે, 'મટી ગયું હવે.' બીજું કશું નહીં. રોજેય શાતા વેદનીય રહેતી'તી, અને મરતી વખતે સમાધિ મરણ જ હોય ને !

## જ્ઞાની જોવા મળ્યા દરેક વ્યવહારમાં

પણ એમને દુઃખેય નથી પડ્યું, કોઈ જાતનું નહીં. સિસકારોય નથી પાડ્યો. એટલે મારા મનમાં એમ થાય કે હારું, આ અત્યાર સુધી સિસકારો નથી પડ્યો કોઈ વખત, છેલ્લા બે-ત્રણ દહાડા પડશેતો. તે મારા મનમાં સંકોચ થતો હતો, પણ એય ના થયો. બહુ પુણ્યશાળી !

**પ્રશ્નકર્તા :** બધા વ્યવહારની અંદર આપ રહો, અમારે આ આવું જોવાનું ક્યાં મળે ?

**દાદાશ્રી :** ના મળે, મળે નહીં, પણ આ તો અક્રમ વિજ્ઞાન છે એટલે. અને પેલામાં (ક્રમિકમાં) તો સાવ જુદા જ થયેલા ને ! એમને વ્યવહાર હોય નહીં ને !

## વર્ષોનો રહ્યો સંગાથ, પછી શોક શાને ?

હીરાબાના તેરમે વર્ષે લગ્ન થયા'તા, તે એ વાતને આજે ત્રેસઠ વર્ષ થયા ત્યારે કહે છે, 'જઉ છું.' એ સંગાથ તો મોટો કહેવાય ને, નહીં ? સંગાથ મોટો ના કહેવાય ?

**પ્રશ્નકર્તા :** કહેવાય, મોટો જ કહેવાય.

**દાદાશ્રી :** ઓછો ના કહેવાય. પછી એની પાછળ શોક હોય જ નહીં ને ! છૂટવાનું તો હતું જ ને હવે.

**પ્રશ્નકર્તા :** હા, છૂટવાનું હતું.

**દાદાશ્રી :** છૂટવા માટે તો આ નાદારી નીકળી'તી ને બધા અંગોની. બોલેય બંધ થઈ જાય પછી.

**પ્રશ્નકર્તા :** હા, બોલેય બંધ થઈ જાય.

**દાદાશ્રી :** બોલનોય લવ્વો થઈ જાય. બોલવું હોય શું ને નીકળે શું, લ... લ... લ... એવું થાય.

## છેવટે જવાનું આપણે તો

મેં કહ્યું, 'દુકાન ભાંગી ગઈ હોય ને, તો બીજી નવી બાંધવી સારી.' ત્યાં થાંભલા પડી ગયા હોય, બીજો પડવાની તૈયારી હોય, નળિયા પડતા હોય ને તોય રહેનાર કહે, 'ના, મારે આમાં જ રહેવું છે.' એને ગમે નહીં નીકળવું. કેમ બોલતા નથી ?

**પ્રશ્નકર્તા :** ઘર છોડવાનું ગમે જ નહીં.

**દાદાશ્રી :** પણ છોડવાનું નથી ગમતું એય અજાયબી છે ને !

હીરાબાને તો પહેલા મેં પૂછેલું, 'આપણે જવું પડશે ?' 'એ વગર છૂટકો જ નહીં' કહે છે. અને મેં કહ્યું, 'ઘૈડપણ મારે આવી ગયું.' 'તે આવે ને, બૂમો શું કરવા પાડો છો ? એ તો આવે જ' કહે છે. ગમ્મત કરવા સારુ મેં કહ્યું, 'આ લોકો મને કહે છે કે તમે ઘૈડા થઈ ગયા !' 'એ તો આવવાનું ઘૈડપણ, ના લાવવું હોય તોય આવે. જવાનું આપણે તો.' કહે છે.

## બાના મરણના વખતે પણ એટલી જ સ્વસ્થતા

રાત્રે સારી રીતે વાતો-બાતો કરતા'તા બધી. ત્રણ વાગે તો ગામઠાણ (જેની પર ગામ વસ્યું હોય તે જમીન) છોડી દીધું.

**પ્રશ્નકર્તા :** ખબર કેવી રીતે પડી ત્રણ વાગે, દાદા ?

**દાદાશ્રી :** એ તો જાગ્યા'તા ને બધા. રોજ જાગીને જુએ ને ! ત્યારે થોડું થોડું એ થયું પછી જતા રહ્યા. પણ સારું મરણ, કશું દુઃખ નહીં. ને એમને એક બૂમ પાડતા કોઈએ જોયા નથી અત્યાર સુધી, કે મને આમ થયું કે તેમ થયું. બૂમ પાડે કે છે તે સોડ વાળે. મુશ્કેલી મેં નથી જોઈ. તે ઠેઠથી, પહેલેથી સમાધિ હતી ને !

અમે પથારીમાં રાત્રે બેઠા હતા, રસિકભાઈ નીચેથી કહેવા આવ્યા કે 'હીરાબા ગયા.' રાત્રે તો અમે બધા બેઠા હતા. કશી એવી વાતચીત જ નહોતી. બધી પાછલી જ વાતો કાઢતા'તા, એ પોતે હઉ. એ સૂઈ ગયા એટલે પછી અમેય સૂઈ ગયા. પછી આ લોકો તપાસ કરવા ગયા ત્યારે મહીં કશું હતું નહીં. તે પછી ઉપર આવીને મને રસિકભાઈએ કહ્યું. મેં કહ્યું, 'હું વિધિ કરું છું. વિધિ પૂરી કરી લઉ ત્યાં સુધી તમે બધું કરો વ્યવસ્થા.' મારે ત્યાં સુધી એક કલાક વિધિ ચાલવાની હતી.

## સ્મશાને જતાં પણ નિરંતર જ્ઞાતા-દ્રષ્ટા

એમને પાલખીમાં ફેરવીને પાછી પાલખી મામાની પોળમાં ઊભી રાખી અને નીચે મૂકી થોડીવાર, ઘર આગળ.

**પ્રશ્નકર્તા :** હા દાદા, એ સરસ કર્યું.

**દાદાશ્રી :** અને જોડે રહેનાર બધા રડતા'તા, એ મેં જોયા, અમારે ત્યાં.

**પ્રશ્નકર્તા :** એમનોય ત્યાં જવાનો ભાવ હતો.

**દાદાશ્રી :** પછી બધા મને કહે છે, 'તમે આવશો ?' મેં કહ્યું, 'હા, જરૂર.' હીરાબા જાય છે ને હું મૂકવા ના આવું તો ખોટું કહેવાય ને ! એટલે 'હું હીરાબાને મૂકવા આવીશ.' કહ્યું. હીરાબા કંઈ ગયા છે ? નામ ગયું અને ઠામ ગયું. નામ ને ઠામ બે જ ગયું ને, જે રહેતા હતા એ ઘર.

હુંયે સ્મશાનમાં ગયો'તો, પેલી વ્હીલચેર ઉપર. બધા કહે કે ગાડીમાં આવો, ત્યારે મેં કહ્યું, 'ગાડીમાં આવું તો તો મને રસ્તામાં ભેગા થાય નહીં ને !'

**પ્રશ્નકર્તા :** આજ-કાલ બધા ગાડીઓમાં જ જાય છે, દાદા.

**દાદાશ્રી :** ના, એ તો બધા રોફવાળા. પણ હું કંઈ રોફવાળો નહીં ને ! હું તો એમની જોડે ને જોડે ગયો, વ્હીલચેરમાં બેસીને.

**પ્રશ્નકર્તા :** વ્હીલચેરમાં !

**દાદાશ્રી :** વ્હીલચેર છોકરાંઓ ધકેલે. પછી ગાડીઓવાળા કહે છે, 'દાદા, આમાં તો બહુ ટાઈમ લાગશે, બેસી જાવ ગાડીમાં.' 'ના, આજ તો હીરાબાની જોડે ને જોડે ઠેઠ સુધી એમની પાછળ પાછળ આવીશું, ધીમે રહીને.' તે લોકોય જુએ કે દાદાજીના આ શું વેશ થયા છે ! હીરાબાની જોડે ને જોડે, એમની પાછળ વ્હીલચેર ચલાવીને ! અને લોક આજુબાજુ મેડા પરથી જુએ બેઠા બેઠા. એમણે પેપરોમાં વાંચેલું ને, તેથી. અમે જૂને ઘેર રહેતા હતા ત્યાં આગળ પણ લઈ જઈને ઊભા રાખ્યા થોડીવાર. બે મિનિટ ત્યાં ઊભા રાખ્યા. ત્યાં આગળ લોકો મને જુએ, અને હું નિરંતર જ્ઞાતા-દ્રષ્ટા. અત્યારે ના હોઉ વખતે, એવું સરસ ના હોઉ. અને અમને અસર જ ના હોય ને !

## છેક સુધી નિભાવ્યો આદર્શ વ્યવહાર

આ તો વ્યવહાર છે અને વ્યવહાર આદર્શ હોવો જોઈએ. અમે વ્યવહારમાં આદર્શ ! જુઓ ને, સ્મશાનમાં હીરાબા સાથે આવ્યા'તા ને !

**પ્રશ્નકર્તા :** હા, એ જોયું ને, દાદા. બધાએ જોયું. ઘણા પૂછે છે, 'દાદા આવ્યા'તા ?' મેં કહ્યું, ''હા, દાદા ઠેઠ આવ્યા'તા.''

**દાદાશ્રી :** સ્મશાનમાં ના આવે તો લોકો જાણે 'ફરી પૈણવાના છે.' આપણે ત્યાં એક કહેવત છે કે ત્રીસ-ચાલીસ વર્ષનો હોય ને, તો ફરી પૈણવાનો હોય તો સ્મશાનમાં જાય નહીં. એટલે સમજી જાય લોકો કે સ્મશાનમાં આવ્યા નથી એટલે ફરી પૈણશે. આવી કહેવત છે આપણે ત્યાં અને ખરેખર એમ જ, સ્મશાનમાં ગયો એટલે ફરી પૈણાય નહીં. આ જુઓ અમે ઉઘાડું આવીને કહી દીધું ને, 'ભઈ, નથી પૈણવાના.'

**પ્રશ્નકર્તા :** દાદા, આપે કાલે કીધું કે 'અમે તો રાંડેલા કહેવાઈએ હવે.'

**દાદાશ્રી :** હા, શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું'તું, 'નિર્દોષ ગમ્મત કરાવજો.' જુઓ, આ બધી નિર્દોષ ગમ્મત ! કોઈને કિંચિત્‌માત્ર દુઃખ થાય નહીં.

## દુઃખ અમને અડે જ નહીં

**પ્રશ્નકર્તા :** હીરાબા ગયા તે વખતે મહીં થોડુંક દુઃખ થયું હતું ?

**દાદાશ્રી :** ના, અમે વીતરાગ જ છીએ ને ! અમને કોઈ જાતનો ક્લેશ-કંકાસ કશું થાય જ નહીં ને ! તમને હઉ વીતરાગ બનાવ્યા છે ને !

અમને કશું અડે નહીં. આ જગતમાં એવી કોઈ ચીજ નથી કે અમને અડે. અમને દુઃખ અડે નહીં પણ તમને દુઃખ અડે તોય અમે જોખમદાર ! તમે સાઠ હજાર માણસોને દુઃખ અડે તોય જોખમદારી અમારી ! દુઃખ અડે જ કેમ કરીને ? આ દાદાનું વીતરાગ વિજ્ઞાન છે ! જ્યાં ચૌદ લોકનો, આખા બ્રહ્માંડનો નાથ પ્રગટ થયેલો છે, ત્યાં શેની ખામી રહે ? માંગો એ મળે.

અમને દુઃખ જો થતું હોય તો જ્ઞાની જ ના કહેવાઈએ. અમને કોઈ રીતે દુઃખ જ ના થાય. અમને દુઃખ અડે જ નહીં કોઈ દહાડો.

**પ્રશ્નકર્તા :** હા, આપ સર્વજ્ઞ છો, આપ જ્ઞાની છો એવું લખ્યું છે પણ સ્વાભાવિક રીતે દુઃખ તો થાય ને ?

**દાદાશ્રી :** ગમે તે રીતે દુઃખ થાય જ નહીં, સ્વાભાવિક કે અસ્વાભાવિક, એનું નામ જ્ઞાની. આ શરીરમાં જ રહેતા નથી અમે. શરીરમાં રહે તો દુઃખ થાય ને ! એટલે અમને દુઃખ જ ના હોય.

અમે રડીએ તોય દુઃખ ના હોય. આ અંબાલાલ રડે તોય દુઃખ ના હોય. એટલે બહુ જુદી જાતની છે આ દશા ! સમજાય છે ને ?

**પ્રશ્નકર્તા :** હા, એ હકીકત હું સમજી શકું છું.

**દાદાશ્રી :** હા. અને અમને એકલાને નહીં, આ બધાનેય દુઃખ ના થાય. આ બધાને એક દુઃખ થાય તો અમારી જવાબદારી છે. દુઃખ કેમ થવું જોઈએ માણસને ? શું ગુનો કર્યો છે તે માણસને દુઃખ થાય ? એટલે એને જો સ્ત્રી (પત્ની) મરી જાય તોય દુઃખ ના થાય. અમારે આઘાત કે દુઃખ હોય નહીં. ઊલટા તમારા જે દુઃખ હોય તે અમે લઈ લઈએ.

## રહ્યા-ગયામાં સમસ્થિતિ

લોકો તો એમ જ જાણે ને કે દાદાને બહુ દુઃખ થયું હશે ! દાદાનો તાવ જુએ ત્યારે ખબર પડે કે હીરાબા ગયા કે રહ્યા છે એ બન્ને સ્થિતિ સરખી જ હોય. કેવી હોય ? રહ્યા હોય તોય સરખી, ગયા હોય તોય સરખી. બન્ને સ્થિતિ સરખી હોય. હજુ પેટમાં પાણી હાલ્યું નથી અમને. અહીંયા ઘરે આવીને જશુભાઈએ વાત કરી, પણ પેટમાં પાણી હાલ્યું નથી. પણ વ્યવહારમાં અમે એમ કહીએ કે 'ભઈ, મહીં થાય તો ખરું જ ને, બા.' તમને બધાને ના કહીએ, પણ વ્યવહારમાં, બહાર તો અમે કહીએ. એ કહે, 'હીરાબા માટે તમને દુઃખ થાય ને ?' મેં કહ્યું, 'હા, થાય તો ખરું ને, બા. ના થાય એવું હોય ?' નહીં તો એને ગણતરી ઊંધી લાગે. કહે, 'આ કઈ જાતની ગણતરી ? આવું શી રીતે બને ?' તમને સાચું લાગે હું કહું તે, કે અમને અસર જ ના હોય કોઈ જાતની ? આ વર્લ્ડમાં કોઈ એવી ચીજ નથી કે અમને અસર કરે ! જો તમારા જ દુઃખ મેં લઈ લીધા, તો મારી પાસે દુઃખ ક્યાંથી હોય ? છે દુઃખ કોઈ જાતનું ? થયું ત્યારે, દાદા મળ્યા ત્યારથી દુઃખ નથી ને ?

## સ્થિરતા અમારી જાય નહીં

**પ્રશ્નકર્તા :** હીરાબા ગયા ત્યારે તમે કઈ રીતે સ્થિરતા રાખેલી ?

**દાદાશ્રી :** મારે તો ગયા ત્યારેય સ્થિરતા અને હોય તોય એની મહીં સ્થિરતા જ હોય. હું આ દેહમાં જ ના હોઉ ને ! દેહથી જુદો રહું છું હું. આ દેહનો છે તે સંબંધ એમને, મારે કોઈ જાતનો સંબંધ નહીં. એટલે હું જુદો રહું છું. પણ વ્યવહાર સુંદર, એમને 'હીરાબા' કહીને બોલાવતો હતો. અમારે સ્થિરતા જ હોય. મને ગાળો ભાંડે, માર મારે, ધોલો મારે તોય સ્થિરતા જ હોય. કોઈ દહાડો સ્થિરતા અમારી જાય નહીં.

## હીરાબાના મરણ વખતેય ક્ષણે ક્ષણે જ્ઞાનમાં

હીરાબાને કાઢી ગયા ત્યારે તો બહુ જણના મોઢા છે તે ઢીલા થઈ ગયેલા ! મહીં આંખમાં જરા જરા પાણી નીકળેલું હોય પણ મારામાં પાણી નીકળે તો એનું વધારે નીકળે ને ? નહીં તો હુ હુય થઈ જાય (ડૂસકા દેવાઈ જાય) પછી. હાર્ટ પૂરેપૂરું, બધા કરતા હાર્ટ સુંવાળું, પણ બિલકુલ બંધ.

એટલે મારી આંખમાંથીય પાણી નીકળે, કારણ કે અમારું હાર્ટ કૂણું હોય. તે પાણી કોને ના નીકળે ? જેનું હાર્ટ મજબૂત થયેલું હોય ને બુદ્ધિ પર લઈ ગયો હોય ત્યારે. અમારું હાર્ટ તો બહુ કૂણું હોય, બાળક રડે એવું રડે. પણ આ જ્ઞાન હાજર રહે ને ! જ્ઞાનને હાજર રાખવું પડે અમારે. એક સેકન્ડનો નાનામાં નાનો ભાગ જો ખસ્યા હોત તો તરત પાણી નીકળી જાય. જેની આંખમાં બહુ પાણી આવતું હોય, તેનાથી અમે છેટા બેસીએ.

અને ત્યાં હાસ્ય અમારે બંધ કરવું પડે. જગત વ્યવહાર છે આ તો. અને કાચી બુદ્ધિવાળો તો કહે કે 'જુઓ ને, હૃદય પથરા જેવું છે તે હસે છે હજુ તો.' એને ટીકા કરવાની તક મળે.

પછી અમારા મહાત્માઓની હાજરીમાં અમે હસીએ, પણ બીજાની હાજરીમાં ના થાય એવું.

હવે રડવું એટલે શું કરવાનું કે ઉપયોગ છોડી દેવાનો. લોકોને જુએ એટલે આપણને રડવું આવે હડહડાટ. અમારો ઉપયોગ તો નિરંતર હોય. આ હીરાબા વખતે તો અમારો ઉપયોગ હતો ! એક સેકન્ડ પણ કંઈ પાણી હાલ્યું નથી, જેવો હતો તેવો. હીરાબાની ઈચ્છા નહોતી કે તમે રડજો. આ તો લોકો બોલે નહીં પણ મનમાં કહે કે 'પથરા જેવા છે', એટલે રડવું પડે. પણ મને એવું કોઈ પથરા જેવો કહે નહીં.

## અસર ના થાય એવું તાળું મારેલું

અમે તો જ્ઞાની થઈ બેઠેલા એટલે લોકો હીરાબા મરી ગયા ત્યારે મારા સામું જુએ ને, કે દાદા કેટલા જ્ઞાનમાં છે ને કેટલા આમાં છે તે ! પણ એક ક્ષણવાર બીજું દેખી શકે નહીં, નિરંતર જ્ઞાન જ. પળે-પળે નહીં, સમયે-સમયે. સમયસારનું જ્ઞાન રહ્યું'તું.

**પ્રશ્નકર્તા :** દાદા, આપ એમ કેમ બોલ્યા કે 'જ્ઞાની થઈ બેઠા' ? આપ તો જ્ઞાની જ છો.

**દાદાશ્રી :** નહીં, પણ એ લોક... અજ્ઞાની માણસ તો એવું જ બોલે ને ! કહે, 'જ્ઞાની થઈ બેઠેલા, જુઓ તો ખરા, કેમનું પોલ ચાલે છે !'

'હીરાબા મારા વાઈફ છે', એ એક્ઝેક્ટ મારી માન્યતા હોય નિશ્ચયથી, તો મને રડવું આવ્યા વગર રહે નહીં ને ! પણ આમાં તો હું હસુંય નહીં અને રડુંય નહીં. લોકોએ ઠેઠ સુધી હીરાબાની પાછળ મને જોયો. મારી આંખો સામું જોયું, પણ કશું દેખે નહીં ને ! એક ક્ષણવાર અમે ઉપયોગ ચૂકીએ નહીં, નહીં તો અમનેય ડૂસકું ભરાય. લોકોને રડતા દેખીએ ને, તે ડૂસકું ભરાય. શું થાય ? અમને મરેલા પર રડવું ના આવે. જીવતા માણસ રડતા દેખીએ ત્યારે મનમાં ભરાય. એ જોઈ શકાય નહીં અમારાથી. એટલે આ પ્રસંગમાં અમે જીવતા માણસનેય રડતા જોઈએ ને, ત્યાં અમે જોઈએ-કરીએ પણ કશું અસર ના થાય એટલું બધું તાળું મારી દીધેલું. ઠેઠ સુધી, સ્મશાનમાં બેઠા તોય નહીં, અસર જ નહીં. નો ઈફેક્ટ (અસર નહીં) !

## બધી અસરોને હું જોયા કરું

**પ્રશ્નકર્તા :** તમને જે ચંદ્રકાંતભાઈના મૃત્યુ વખતે રિએક્શન આવ્યું'તું ને ?

**દાદાશ્રી :** હા, આવ્યું'તું. અહીં ગાડીમાંથી ઊતર્યો ને, ત્યારે મારામાંય રિએક્શન આવ્યું'તું.

**પ્રશ્નકર્તા :** એ મારે જાણવું છે, જ્ઞાની પુરુષનું શું રિએક્શન હોય ?

**દાદાશ્રી :** આ રિએક્શન તો, રાત્રે દેહ છે તે જરા શોક સ્વભાવી થયો અને આંખેય જરા ઢીલી થઈ, મોઢું પણ ઢીલું થયું. એ જે બધી અસર થઈ, એ પાછી મને દેખાઈ બધી. હું એને જોયા કરતો'તો. બધી અસરને હું જોયા કરું. એટલે કંટ્રોલની બહાર આગળ ખસવા ના દઉં પછી. કારણ કે આગળ જાય તો બીજા બધા લોકોને દુઃખ થઈ જાય, ભારે પડી જાય.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, કાંતિભાઈ ગયા ત્યારે તમને જરાય ઈફેક્ટ નહોતી દેખાતી.

**દાદાશ્રી :** ના, તે દહાડે રડવું નહીં આવેલું. પણ તે દહાડે હું બહારગામ હતો. અહીં હોત ને, તો રડવું આવત. મને રડવું શેના પર આવે છે ? મરનાર ઉપર નથી આવતું, બીજા લોકોને ઢીલા દેખું ને તો મને આવે છે. એ તો જ્યાં આગળ કો'ક એકદમ ધ્રુસકે ધ્રુસકે રડી પડે અને તે જોઉં તો મને અસર થઈ જાય પછી. અત્યારેય અસર થાય. અહીં કોઈ રડતું હોય ને, તો અસર થઈ જાય. પણ એની અસર બીજા લોકો ઉપર વધારે

પડશે એમ માનીને એનેય કંટ્રોલમાં લઈએ અમે. બીજાને વધારે અસર પડી જાય ને ! બાકી શરીર તો એવું જ હોય, દેહ તો એવો જ હોય.

**પ્રશ્નકર્તા :** એમ નહીં, દાદા. એ બે સ્થિતિ, મધર ઓફ થઈ ગયા ત્યારે અને ચંદ્રકાંતભાઈ વખતે, એ બેમાં શો ફેર ?

**દાદાશ્રી :** તે દહાડે તો મધરનો પ્રેમ જ ખાલી. પ્રેમ જ રડાવે છે, અને આ તો જ્ઞાતા-દ્રષ્ટા સાથેનું. પણ મોઢું કેવું થયું હતું તે હજુ મને ખબર, આ લોકોનેય ખબર પડે ને મનેય ખબર પડે એવું મોઢું થયેલું, નહીં ? આ જ્ઞાન થયા પછી. આ ભાઈ જોઈ ગયા'તા છાનામાના આવીને, નીચા નમીને, એમને અસર જાણવી'તી કે આ શું અસર થઈ દાદાને ? તમે જોઈ ગયા'તા ખરું ? શું શું જોયું'તું ?

**પ્રશ્નકર્તા :** બધું જોયું'તું.

**દાદાશ્રી :** આંખમાં કશું જોયું'તું ?

**પ્રશ્નકર્તા :** આંખમાંય પાણી આવ્યું'તું.

**દાદાશ્રી :** હતું. જેટલું એમને દેખાતું'તું એટલું મને દેખાતું'તું, જ્ઞાનમાં. એ સહજ સ્વભાવ ! ત્યાં અહંકાર અમારો હોય નહીં પણ જો આ આજનું આ જ્ઞાન ના હોય તો અહંકારે કરીને બિલકુલ કશું બહાર ના પડવા દઉ. ક્લિયર દેખાડું બધું. અત્યારે ગમે એટલા પરિણામ થાય તોય ક્લિયર દેખાડી દઉ. અહંકાર શું ના કરે ? અત્યારે તો સહજ બધું.

## જોવા મળી દાદાની દેહાતીત દશા

અમે નિરંતર મોશનમાં રહીએ, પેટમાં પાણી ના હાલે. લોક જાણે કે વાઈફ મરી ગયા એટલે શુંનું શુંય થયું હશે એમને ! પણ હીરાબા ઑફ થઈ ગયા, ત્યારે હું પણ જોડે ને જોડે સ્મશાનમાં ગયો હતો ને લોકો આંખોમાં જોતા હતા પણ કશું દેખાય નહીં ને ! કશું જ ના દેખાય. રડવુંય ના દેખાય, હસવુંય ના દેખાય. નૉર્મલ પોઝિશન (સામાન્ય દશા). એ સામા રડે, આ શરીરનો, પ્રકૃતિનો સ્વભાવ છે કે જો સામો રડતો દેખે ને, તો આંખમાં પાણી આવે. પણ એ છે તે હું જોઉ નહીં અને પેલાની આંખમાંથી પાણી આવતા પહેલા કંઈક એવો શબ્દ બોલું તે વળી જાય. અને નહીં તોય અમે જ્ઞાનમાં જ રહીએ. એક સેકન્ડેય શરીરમાં ના રહીએ. ઠેઠ સ્મશાનમાં જતા સુધી, સ્મશાનમાંથી પાછા આવતા હોય તોય એક સેકન્ડેય શરીરમાં નહીં, આઉટ ઑફ બોડી. તમે ત્યારે જોયું હતું ને ?

**પ્રશ્નકર્તા :** હા, હું હતો ને દાદા સાથે. મેં જોયું હતું. હું એ જ જોતો હતો.

**દાદાશ્રી :** પાસે હતો પાછો, એમાં પણ આ દેહાતીત દશા જોવા મળે ક્યાં ? આ દાદાના દર્શન થઈ જાય ને, તો કલ્યાણ થઈ જાય ! જો સાચા રૂપમાં દર્શન થાય ને, તો કલ્યાણ થઈ જાય !

**પ્રશ્નકર્તા :** જ્ઞાનીની દેહાતીત દશા હોય છે, એવું વાંચેલું બધું પણ દેહાતીત દશા કેવી હોય છે ? એ જોયેલી નહીં કોઈ દહાડો, ત્યારે એ જોવા મળી.

**દાદાશ્રી :** એ જોયેલી નહીં ? તે દહાડે એ તમે જોયેલી ને, એ દેહાતીત દશા !

## અમને નિરંતર જ્ઞાન હાજર જ હોય

તમે થોડું ઘણું જોયું'તું ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા. હું આખો વખત એ જ માર્ક કરતો'તો કે દાદાનું દર્શન શું બધું જોવા મળતું'તું !

**દાદાશ્રી :** ઠેઠ સુધી, પછી એમના ભત્રીજા આવ્યા'તા, એમના ભઈના દીકરાઓ. તે એ બે જણ આવ્યા, તે એમને ઢીલા પડતા જોયા મને

જોઈને. એટલે મેં જાણ્યું કે હમણે ડૂસકું આવશે ને રડશે. એટલે મેં કહ્યું, 'તમે બહાર બેસો.' એટલે એમને એકલાને બહાર બેસાડ્યા'તા. કારણ કે મને મુશ્કેલીમાં મૂકે ને ! એ ખૂબ રડે એટલે પછી થોડુંઘણું બે ટપકા પડી જાય મને. એ ટપકા પડે એનો વાંધો નથી, પણ એ વ્યવહાર યોગ્ય ના કહેવાય.

**પ્રશ્નકર્તા :** ના, પણ દાદા, તે દિવસે ચંદ્રકાંતભાઈ વખતે...

**દાદાશ્રી :** એ થયું'તું. ત્યાં આગળ એવું જોવાઈ ગયું અને એટલો બધો ઉપયોગ મૂક્યો નહીં મેં. એટલે પછી એ મૂક્યો ને ! એ તો એક્ઝેક્ટ મૂકી દેવો પડે ઉપયોગ. એ ઉપયોગ સહેજ ખસી ગયો કે એવું થઈ ગયું'તું. અહીં ઠેઠ સુધી થયું નથી. થયું છે કંઈ ?

**પ્રશ્નકર્તા :** હા, નથી થયું.

**દાદાશ્રી :** અને પથારીમાં હતો, રસિકભાઈ કહેવા આવ્યા તોય કશું નહીં. મેં કહ્યું, 'વાંધો નહીં. તમે છે તે બધું આનું આ પ્રમાણે કરો.'

અમે નિરંતર જ્ઞાનમાં રહીએ. એક સેન્ટ પણ જો એ થઈ જાય ને તોય ડૂસકું દેવાઈ જાય. નિરંતર જ્ઞાનમાં, એક સમય પણ ફેરફાર નહીં, નહીં તો ડૂસકો લેવાઈ જાય. અવકાશ મળ્યો કે ડૂસકો આવી જાય.

## આજે તો વાજાં વગાડાય

**પ્રશ્નકર્તા :** જે ઓટલા પર હતા ને, એમની આંખોમાં આંસુ આવી ગયા હતા.

**દાદાશ્રી :** હા, આંસુ હતા. એટલે જ્યાં આંસુ દેખાય ને, ત્યાં મોઢું ફેરવી લઉં. કારણ કે કો'કનામાં આંસુ દેખું એટલે મને આંસુ આવે, પણ હું જ્ઞાની પુરુષ અને મારે તો કંટ્રોલમાં રહેવું જોઈએ. મને જો રડવું આવે તો બધા રડે પછી. 'હુ હુ હુ' થઈ જાય બધે. અને આ રડવાની જગ્યા નહોય, આ તો આનંદ કરવાની જગ્યા. મેં તો કહ્યું, 'બેન્ડ હોય તો બેન્ડ વગાડાવો', પણ લોક માન્ય ના કરે ને !

અત્યારે લોકો મને કહે કે વાજાં વગાડો, તો હું વગાડાવું. પાંચસો રૂપિયા આપીને કે તું વગાડ ધમધોકાર કે સારું થયું આટલી ઉંમરે છૂટ્યા આ દેહમાંથી, નહીં તો દેહમાં તો કકળાટ કરાવડાવે. આ ઉપાધિ શી રીતે સહન થાય ઘૈડપણમાં તે ?

એમણે ક્યારેય કોઈને ગાળ ભાંડી નથી, કોઈને વઢ્યા નથી, કોઈને કશું કહ્યું નથી કોઈ દહાડો, કોઈ આરોપ મૂક્યો નથી.

**પ્રશ્નકર્તા :** ના, દાદા, એવું કશું નથી કર્યું.

**દાદાશ્રી :** કોઈના તરફ કશી ખરાબ દૃષ્ટિ નથી કરી.

**પ્રશ્નકર્તા :** આવો પ્રેમ જ જોવા ના મળે.

**દાદાશ્રી :** કેટલી બધી સરસ વીતરાગતા રહી ! એટલું કહીને આ ઉજાણી કરો. તે અમે વાજાં વગાડાવીએ. બહુ સારું થયું આ દેહમાંથી છૂટ્યા, કંઈ દુઃખ પડ્યા સિવાય !

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** આનંદનો દિવસ. એ તો અહીં બેન્ડ હોત તો બેન્ડ બજાવત. હું બેન્ડ વગાડાવત અહીં. તે આ દેહમાંથી છૂટવું કંઈ સહેલું છે ? છોત્તેર વર્ષે છૂટવું સહેલું છે કંઈ ? આ દેહ જ છોડે નહીં. દુઃખ આપ્યા વગર રહે નહીં ઘૈડપણ. કશું અડચણ વગર મુક્ત થયા. મારા મનમાં તો એવું કે આવું ને આવું જો ગાડી ચાલ્યા કરે તો બહુ સારું પડી જાય, પણ ગાડી ચાલી. સરળ સ્વભાવી, બીજી કશી ભાંજગડ નહીં.

અને હીરાબા છોત્તેર વર્ષના હતા. તે હવે

ઘૈડું પાન થયું હતું ને ખરવા લાયક થયા'તા. એટલે મેં તો તરત જ બધાને કહ્યું કે આજ તો મારે ત્યાં બેન્ડ હોત તો હું વાજા વગાડાવત, કે આવા ભાંગલા-તૂટલા દેહમાંથી આત્મા સારી રીતે નીકળ્યો ! તોય આપણા લોકો એને કાણ-મોકાણ જેવું બનાવી દે.

**પ્રશ્નકર્તા :** દીકરો જન્મ્યો ત્યારે તો પેંડા વહેંચ્યા પણ મરી ગયો ત્યારે વહેંચ્યા. એ વાત તે દહાડે કાઢેલી. અને આજ આ વાત નીકળી કે બેન્ડવાજાં વગાડત.

**દાદાશ્રી :** મેં એક-બે જણને તરત કહ્યું હતું, કે બેન્ડ હોત તો આજ બેન્ડ વગાડત.

હીરાબાને પૂછયું હોત આપણે કે 'અમે તમારા પછી શોક રાખીએ ?' ત્યારે કહેત કે 'ના, શાંતિથી રહેજો.' આ તો લોકોને દેખાડવા માટે આ બધું કરે છે લોક.

## મમતાના પરમાણુ નીકળી જવા જોઈએ

હું નાનો દસ-બાર વર્ષનો હતો ને, ત્યારે અમારા કુટુંબમાં એક ભાઈ મરી ગયેલા. તે બધા એમના ભાઈઓએ પોક મેલી. તે આ પોક કેવી રીતે મેલી ? માથે આટલે સુધી ઓઢેલું ખેંચે, અહીં સુધી. એટલે મોઢું દેખાય નહીં, આંખ દેખાય, નહીં ? મહીં અંદર શું કરી રહ્યા છે, પોક મેલી રહ્યા છે કે એ રેડિયો વગાડી રહ્યા છે, આપણને ખબર પડે નહીં.

એટલે આમ પોક મેલી અને એવો અવાજ આવ્યો કે મને ઉઘાડી આંખે રડવું આવ્યું. વિષાદ રસ ઉત્પન્ન થાય એવું બોલ્યા. અને વિષાદ તે આંખમાંથી પાણી આવી ગયા, એટલે મેં જાણ્યું કે અત્યારે હું આટલું રડ્યો તો આ કેટલું રડ્યા હશે ? અને મહીં હતી પોલંપોલ.

પછી આ બધું જોઈ લીધેલું. આ બધું નાટક છે ખાલી.

**પ્રશ્નકર્તા :** એ દસમા વર્ષની વાત પછી એંસી વર્ષ સુધીમાં તમે કેટલી વખત રડ્યા ?

**દાદાશ્રી :** રડાય તો ખરું, પણ અમુક સ્ટેજે પાછું રડાય અને પછી બંધ થતું જાય. એ તો બા મરી ગયા ત્યારે રડાયેલું, કારણ કે એ જો ન રડું ને, તો મહીં ડૂમો ભરાય ને દુઃખ થાય. એટલે ત્યારે જાણીને રડેલો.

**પ્રશ્નકર્તા :** એટલે વ્યવહારમાં જે કોઈ રડતો હોય તો તેને રડવા દેવો, એને ડૂમો નીકળી જાય. પ્રકૃતિ જે છે તેને વેન્ટિલેશન (દુઃખ નીકળવાની જગ્યા) જોઈએ ને ?

**દાદાશ્રી :** હં, પ્રકૃતિને વેન્ટિલેશન જોઈએ, ખરું કહે છે. નહીં તો સફોકેશન (ગૂંગળામણ) થઈ જાય અંદર.

આ તો બધું લૌકિક છે. એમાં સાચા માણસ રડી ઊઠે બિચારા. અને તે રડવું આવવું જોઈએ માણસને. કારણ કે એ મમતાનું પરિણામ છે. રડવું ના આવે તો મહીં ગભરામણ થઈ જાય. એ પરમાણુ નીકળી જ જવા જોઈએ. જેટલી એની જોડે મમતા છે ને, એટલા પરમાણુ નીકળી જ જવા જોઈએ.

## પૈણતી વખતે આવેલો વિચાર ખરો પડ્યો

અમને તો પૈણતી વખતે લગ્નના માંડવામાં વિચાર આવેલો આવો, કે 'આ પૈણીએ છીએ ખરા, પણ બેમાંથી એક જણે રાંડવું પડશે !' તે કાલે છતું થયું. કાલે એ બન્યું એ જોયું ને ! હવે કો'ક પૂછે કે 'દાદા ?' ત્યારે કહે, 'રાંડેલા જ છે, કંઈ માંડેલા ઓછા કહેવાય ?' હીરાબા બેઠા હતા ત્યાં સુધી માંડેલા અને ગયા એટલે રાંડેલા. પછી એ સાહિત્યકારો ખોળી કાઢે, વિધુર ને બિધુર એ બધા શબ્દો. પણ દેશી ભાષા એ સાચી, રાંડવું ને માંડવું. આ ગામઠી ભાષા મોક્ષે લઈ જાય. રાંડવા-માંડવાનું

જ્ઞાન હોય તો મોક્ષે જાય બળ્યો. 'આ વિધુર આવ્યા.' એનો શું અર્થ ? રાંડેલા કે માંડેલા ? ત્યારે કહે, 'ભઈ, માંડેલા છીએ. અને કોઈ રાંડેલા હોય તો રાંડેલાય કહે.' શેના આધીન રાંડેલા ને માંડેલા, તે બધું સમજી જવાનું તારે. આ માંડ્યો સંસાર, તે માંડેલો કહેવાય અને સંસારનું પૈડું તૂટ્યું કે રાંડ્યો. ગાડાનું એક પૈડું તૂટ્યું એટલે પછી રખડ્યું. એક પૈડું તૂટ્યું એટલે તો આખું ગાડું ગયું નકામું. પેલા ગાડામાં તો બીજું પૈડું ઘાલે પણ આમાં શું કરે ?

અને 'આપણે' પૈણ્યા નહોતા, તે પછી 'આપણે' ક્યાં રાંડવાનું ? દેહને રાંડવાનું, પૈણ્યો હોય તે. 'આપણે' ક્યાં ફેંટા ઘાલ્યા'તા ને બધું પહેર્યું'તું ?

## સંયોગનો અંતે વિયોગ થયો

આ તો છૂટા પડ્યા છે અહીંથી. હું અમેરિકા જઉં એવી રીતે આ ગયા છે. ૧૯૨૩માં પૈણ્યા'તા ને ૧૯૮૬માં છૂટા પડ્યા. જુઓ સંયોગ વિયોગી સ્વભાવનો ને !

પોતે સંયોગી તો ચાલ્યા ગયા છે. આ તો બધું સંયોગ સંબંધ છે ને ! કોઈ દસ વર્ષ રહે, કોઈ વીસ વર્ષ, કોઈ પાંચ મિનિટ રહે, કોઈ દસ મિનિટ રહે. વિયોગ થયા જ કરે એની મેળે.

એવા સંયોગ સંબંધ કેટલે સુધી પહોંચ્યા છે એ ખબર હતી. ઓગણીસમે વર્ષે અમારા ફાધરના સંયોગ પૂરા થઈ ગયા. ઓગણત્રીસ-ત્રીસ(મે) વર્ષે બ્રધરનો સંયોગ પૂરો થયો. પછી ઝવેરબાનો અડતાલીસમે વર્ષે અને હીરાબાનો છે તે ઈઠ્યોતેરમાં વર્ષે ૧૯૮૬માં સંયોગ પૂરો થયો.

## વ્યવહારથી ગયા, પણ છે તો અમારી સાથે

આમાં રડવા જેવી વાત જ ક્યાં છે ? આ તો મરેલા ક્યાં છે ? એ તો લોકોને લાગે કે હીરાબા ગયા. મૂળ વસ્તુ તો છે જ ને !

**પ્રશ્નકર્તા :** છે જ.

**દાદાશ્રી :** કાયમના છે ને ?

**પ્રશ્નકર્તા :** કાયમના.

**દાદાશ્રી :** વિધિ કાયમનાની કરતો'તો કે હીરાબાની કરતો'તો ?

**પ્રશ્નકર્તા :** કાયમનાની.

**દાદાશ્રી :** હં. બળવાની વસ્તુ બળી ગઈ, ન બાળવાની રહી ગઈ. કાયમના છે તે તો ગયા જ નથી ને ! એ તો અમારી સાથે જ છે, વ્યવહારથી કહેવાય કે એ ગયા. અમને તો હીરાબા એવા ને એવા જ લાગ્યા કરે હજુય. જેવા હતા તેવા ને તેવા લાગ્યા કરે. વ્યવહાર કહે, 'લ્યો, તો તમે કહો છો એવા ને એવા તો દેખાડો જોઈએ.' મેં કહ્યું, 'ભઈ, એ તને નહીં દેખાય, એ મને દેખાય.'

## મરતું-જીવતું એ મારા જ્ઞાનમાં નથી

આ જીવતા જ છીએ આપણે, મરવાના જ નહોતા. પણ આ તો હવે ખબર પડી ને ! પહેલા ખબર નહોતી ને ! હવે તો આપણે જાણીએ છીએ કે આપણે મરવાના નથી, મરવાનો તો આ ભાગ છે. જગત એમ જાણે કે મરી ગયા. જેવી દૃષ્ટિ છે ને એવું દેખાય. જે પોતાને મરી ગયો એમ જાણતો હોય, એ બીજાને મરી ગયેલા જ જાણે.

જ્ઞાનીની દૃષ્ટિએ સમજદાર હોય એ કાઢી નાખે વિષાદ બધો અને સમજદાર ના હોય તો રહેવા દે. દુનિયાની દૃષ્ટિએ સમજદાર હોય એ વિષાદ રહેવા દે અને સમજદાર ના હોય એ વિષાદ કાઢી નાખે. આ બે દૃષ્ટિઓ છે.

કોઈ પણ વસ્તુ દુનિયામાં બને એમાં, 'આ શું છે' એવું અમને જોડે જોડે પાછું બીજું બને અમારું. આ તો વ્યવહારનું બન્યું, પણ નિશ્ચયનું

બની જાય ત્યારે અમારે, કે 'ખરેખર આમ છે.' એની મેળે જ બની જાય, સ્વભાવિક જ.

આ તો કોઈ પણ માણસ મરે તે મને અસર થતી નથી. કારણ કે મરતું-જીવતું મારા જ્ઞાનમાં નથી હોતું. લોકોના જ્ઞાનમાં હોય, પણ મારા જ્ઞાનમાં એ મરતું-જીવતું નથી. છતાં લોકો પૂછે ત્યારે હું કહું, 'હા, ભઈ મરી ગયા. બહુ ખોટું થયું.' હું તો બોલું વ્યવહારમાં. વ્યવહારમાં અવિનયી ન રહું. વિનયપૂર્વક બોલું, કે 'બહુ ખોટું થયું. આવું ના હોવું જોઈએ.' બાકી મારા જ્ઞાનમાં તો કોઈ મરતું જ નથી !

## નિર્વિકલ્પી બનવાની અજાયબ ચાવી

અમે તો એવું આ દેહનેય કહીએ કે 'તારે જ્યારે છૂટવું હોય ત્યારે છૂટી જજે, મારી ઈચ્છા નથી.' કારણ કે કાયદા એવા સરસ છે કે કાયદો કોઈનેય છોડે નહીં, એટલા બધા કાયદા છે. અહીંયા કંઈ કોઈને દયા આવે એવું છે નહીં. માટે અમથા વગર કામના દયા શું કામ માગો છો તે ? 'હે ભગવાન ! બચાવજે, બચાવજે !' શી રીતે બચાવે તે ? ભગવાન બચ્યા નહોતા ને ! અહીં જન્મ લીધો ને, તે બધા બચ્યા નહોતા ને ! એય કૃષ્ણ ભગવાન છે તે પગ ઉપર પગ ચઢાવ્યા આમ અને સૂતા, તે પગને આમ જોયો પેલાએ, તે પેલાને એવું લાગ્યું કે આ કોઈ હરણું-બરણું લાગે છે, તે પેલાએ માર્યું તીર.

કર્મ કોઈને છોડે નહીં. કારણ કે આ સ્વરૂપ નથી આપણું. આપણા સ્વરૂપમાં કોઈ નામ ના દે. જો તમે શુદ્ધાત્મા છો, તો કોઈ નામ દેનાર નથી. પરમાત્મા જ છો ! પણ અહીં કોઈના સસરા થવું હોય તો મુશ્કેલી છે.

**પ્રશ્નકર્તા :** આપણે દેહને ફક્ત 'તારે જ્યારે મરવું હોય ત્યારે તું મરજે' એટલું જ કહીએ તો ચાલે ?

**દાદાશ્રી :** ફક્ત 'મરવું હોય ત્યારે મરજે' એવું કહેવાનો અર્થ શું થાય, કે એકપક્ષી થઈ જાય. એટલે એ તિરસ્કાર ઉત્પન્ન ન થાય એટલા માટે આપણે જોડે કહીએ છીએ, 'અમારી ઈચ્છા નથી.' આ શરીરને અમે શું કહીએ છીએ, કે 'તારે જ્યારે જવું હોય તો જજે, મારી ઈચ્છા નથી.' કારણ કે 'મારે તો હજુ લોકોનું કેમ કલ્યાણ થાય', એટલી જ મારી ઈચ્છા છે.

**પ્રશ્નકર્તા :** એમ કહેવાથી શું ફાયદો થાય ?

**દાદાશ્રી :** નિર્વિકલ્પ બનાવે.

**પ્રશ્નકર્તા :** કોને, આપણને ?

**દાદાશ્રી :** આપણને. આ તો અમારી શોધખોળ છે ! એક-એક ચાવી અમારી શોધખોળ છે આ બધી !

## ટેમ્પરરીને જાણનાર 'હું' પરમેનન્ટ

મૃત્યુ તો એવું છે ને, આ ખમીસ સીવડાવ્યું એટલે ખમીસનો જન્મ થયો ને, ને જન્મ થયો એટલે મૃત્યુ થયા વગર રહે જ નહીં ! કોઈ પણ વસ્તુ જન્મે તેનું મૃત્યુ અવશ્ય હોય. અને આત્મા અજન્મા-અમર છે, તેને મૃત્યુ જ નથી હોતું. એટલે જેટલી વસ્તુ જન્મે તેનું મૃત્યુ અવશ્ય હોય અને મૃત્યુ છે તો જન્મ પામશે. એટલે જન્મની સાથે મૃત્યુ જોઈન્ટ થયું છે. જન્મ હોય ત્યાં મૃત્યુ અવશ્ય હોય જ !

આ દેહનો જન્મ થયો ને એ એક સંયોગ છે, એનો વિયોગ થયા વગર રહે જ નહીં ને ! સંયોગ હંમેશાં વિયોગી સ્વભાવના જ હોય. આપણે સ્કૂલમાં ભણવા ગયા હતા, તે શરૂઆત કરી હતી કે નહીં, બિગિનિંગ ? પછી એન્ડ આવ્યો કે ના આવ્યો ? દરેક વસ્તુઓ બિગિનિંગ અને એન્ડવાળી જ હોય. અહીં આગળ તે આ બધી જ વસ્તુઓને બિગિનિંગ ને એન્ડ હોય. ના સમજાયું તને ?

**પ્રશ્નકર્તા :** સમજાયું ને !

**દાદાશ્રી :** આ બધી વસ્તુઓ બિગિનિંગ-એન્ડવાળી, પણ બિગિનિંગ ને એન્ડને જાણે છે, એ જાણનાર કોણ છે ?

બિગિનિંગ-એન્ડવાળી વસ્તુઓ બધી જ છે તે ટેમ્પરરી વસ્તુઓ છે. જેનું બિગિનિંગ હોય ને, એનો એન્ડ હોય. બિગિનિંગ થાય એનો એન્ડ હોય જ અવશ્ય. એ બધી ટેમ્પરરી વસ્તુઓ છે, પણ ટેમ્પરરીને જાણનાર કોણ છે ? તું પરમેનન્ટ છું. કારણ કે તું આ વસ્તુઓને 'ટેમ્પરરી' કહું છું માટે તું 'પરમેનન્ટ' છું.

આ જન્મ-મરણ આત્માના નથી. આત્મા પરમેનન્ટ વસ્તુ છે. આ જન્મ-મરણ ઈગોઈઝમના છે. ઈગોઈઝમ જન્મ પામે છે અને ઈગોઈઝમ મરણ પામે છે. ખરી રીતે આત્મા પોતે મરતો જ નથી. અહંકાર જ જન્મે છે અને અહંકાર જ મરે છે.

## ભગવાનની દૃષ્ટિમાં કોઈ મરતું નથી

જ્યારે ત્યારે સોલ્યુશન લાવવું પડશે ને ? જીવન-મરણનું સોલ્યુશન (ઉકેલ) નહીં લાવવું પડે ? ખરી રીતે પોતે મરતોય નથી ને ખરી રીતે જીવતોય નથી. આ તો માન્યતામાં જ ભૂલ છે કે પોતાની જાતને જીવ માની બેઠો છે. પોતાનું સ્વરૂપ શિવ છે. પોતે શિવ છે, પણ તે પોતાને સમજાતું નથી ને પોતાને જીવસ્વરૂપ માની બેઠો છે !

**પ્રશ્નકર્તા :** એવું દરેક જણને સમજાતું હોત તો આ દુનિયા ચાલે નહીં ને !

**દાદાશ્રી :** હા, ચાલે જ નહીં ને ! પણ ત્યારે દરેક જણને એ સમજાય એવુંય નથી ! આ તો પઝલ છે બધું. અત્યંત ગુહ્ય, અત્યંત ગુહ્યતમ. એ ગુહ્યતમને લઈને તો આ બધું આવું ને આવું પોલંપોલ જગત ચાલ્યા કરે છે.

એવું છે ને, ભગવાનની દૃષ્ટિમાં આ જગતમાં શું ચાલી રહ્યું છે ? ત્યારે કહે, એમની દૃષ્ટિમાં તો કોઈ મરતું જ નથી. ભગવાનની જે દૃષ્ટિ છે, એ દૃષ્ટિ જો તમને પ્રાપ્ત થાય, એક દહાડો આપે એ તમને, તો અહીં ગમે એટલા માણસ મરી જાય તોય તમને અસર કરે નહીં. કારણ કે ભગવાનની દૃષ્ટિમાં કોઈ મરતું જ નથી.

## મરણની પળે, શુદ્ધાત્માની સમાધિ

તમને તો અમરપદ આપી દીધું છે. મરશે તો દેહ મરશે, આપણે અમર જ છીએ.

આપણા મહાત્માઓ તો 'પુરુષ' (આત્મા) થયેલા. તે આ શ્વાસ ના ચાલ્યો તો મહીં ગૂંગળામણ થાય એટલે પછી પોતાની ગુફામાં પેસી જાય કે ચાલો, આપણે આપણી સેફસાઈડવાળી જગ્યામાં. એટલે પોતે અમરપદના ભાનવાળા છે આ !

અહીંથી મરવાનું આવે પણ ભો ના રહે તો જાણવું કે હવે મોક્ષને માટે 'વીઝા' મળી ગયો ! ભય ના લાગવો જોઈએ. કોઈ પણ રસ્તે ભય ના લાગવો જોઈએ. કારણ કે જ્યાં માલિક જ તમે છો, ભય વળી કોનો તે ? માલિક છો, દસ્તાવેજ છે, ટાઈટલ છે, બધું જ તમારી પાસે છે.

અમારું જ્ઞાન જ એવું છે કે મરણની પળ આવે ત્યારે 'પોતે' સંપૂર્ણ પ્રગટ જ થઈ જાય. તે વખતે 'પોતાની' ગુફામાં જ પેસી જાય. મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર બધું જ ચૂપ ! બોંબ પડવાનો હોય ત્યારે કેવો ચૂપ થઈ જાય છે ! તેમ આ બધા ચૂપ થઈ જાય. તે છેલ્લે જવાનું થાય (મરણ વખતે) ત્યારે 'પોતાનો' ભાગ બધો જ સંકોચી લે અને પોતાની સમાધિમાં જ રહે. 'શુદ્ધાત્મા'ના લક્ષ સાથે જ દેહ છૂટે. તે મરણ વખતે સમાધિ થઈ જાય. અમારા સમ્યક્ દ્રષ્ટિવાળા મહાત્માઓને સમાધિમરણ હોય.

**- જય સચ્ચિદાનંદ**

## દાદાવાણીના આજીવન સભ્યો તથા વિદેશોમાં વસતા તમામ સભ્યો માટે

### તમામ આજીવન સભ્યો માટે

દાદાવાણી મેગેઝીન છેલ્લા ૨૭ વર્ષથી નિયમિત રૂપે આજીવન સભ્યોને પોસ્ટ થાય છે. વર્તમાન પરિસ્થિતિની વાત કરીએ તો પેપર, પ્રિન્ટીંગ તથા પોસ્ટીંગમાં થતા સતત ભાવવધારાને કારણે છેલ્લા ઘણા વર્ષોથી મેગેઝીન ખોટમાં ચાલી રહ્યું છે. પરિણામે હવે આજીવન સભ્યોને મેગેઝીન પહોંચાડવું ખૂબ મુશ્કેલ બન્યું છે. માટે જેઓ આજીવન સભ્ય હતા, તેમને મેગેઝીન જોઈતું હોય તો હાલના ભાવ પ્રમાણે ફરીથી લવાજમ ભરવાનું રહેશે. ફેબ્રુઆરી ૨૦૨૩થી આજીવન સભ્યોને મેગેઝીનનું પોસ્ટીંગ બંધ થઈ જશે.

જો આપને વિના મૂલ્યે મેગેઝીન જોઈતું હોય તો ડિજિટલ ફોરમેટમાં satsang.dadabhagwan.org અથવા Akonnect પરથી ડાઉનલોડ કરી શકો છો.

### વિદેશમાં (ભારત સિવાય) વસતા સભ્યો માટે

વિદેશમાં (ભારત સિવાય) વસતા સભ્યોને જણાવવાનું કે ત્યાં મેગેઝીન મોકલવાનો પોસ્ટીંગ ચાર્જ ખૂબ વધી ગયો છે. પરિણામે મેગેઝીન કરતા પોસ્ટીંગની કિંમત ખૂબ વધારે આવે છે. એટલે આજીવન ઉપરાંત પંદર કે પાંચ વર્ષના સભ્યોને પણ ફેબ્રુઆરી ૨૦૨૩થી મેગેઝીન પોસ્ટ કરવાનું બંધ થઈ જશે. આપને મળવાપાત્ર રિફંડ અંગે જાણ (Akonnect / E-mail પર) કરવામાં આવશે. વિદેશોમાં વસતા જે મહાત્માઓએ છેલ્લા એક વર્ષ દરમ્યાન વાર્ષિક લવાજમ ભર્યું છે, તેમને એમનું વર્ષ પૂરું થતા સુધી મેગેઝીન ચાલુ રહેશે.

### ભારતના ૧૫ / ૫ / ૧ વર્ષના સભ્યો માટે

ભારતના ૧૫ કે ૫ વર્ષના સભ્યોને એમના સભ્યપદની સમયમર્યાદા પૂરી થતાં સુધી મેગેઝીન ચાલુ રહેશે. તેજ રીતે વાર્ષિક સભ્યોને પણ મેગેઝીન ચાલુ રહેશે.

### લવાજમ માટેના નવા ભાવ

હવેથી (ફક્ત ભારત માટે) વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ અને ૫ વર્ષનું લવાજમ રૂ. ૧,૦૦૦ રહેશે. વિદેશો માટે ફક્ત ડિજિટલ ફોરમેટમાં મેગેઝીન ઉપલબ્ધ રહેશે.

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના સત્સંગ કાર્યક્રમો

### ભરૂચ

**૨૨ નવેમ્બર** (મંગળ) સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ **- સત્સંગ**

**૨૩ નવેમ્બર** (બુધ) સાંજે ૭ થી ૧૦-૩૦ **- જ્ઞાનવિધિ**

**૨૪ નવેમ્બર** (ગુરુ) સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ **- આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** BAPS સ્વામિનારાયણ મંદિર, NH-8, ઝાડેશ્વર, ભરૂચ. **સંપર્ક :** ૯૯૨૪૩૪૮૮૮૨

### સુરત

**૨૫ અને ૨૬ નવેમ્બર** (શુક્ર - શનિ) સાંજે ૮-૩૦ થી ૧૧ **- સત્સંગ**

**૨૭ નવેમ્બર** (રવિ) સાંજે ૫-૩૦ થી ૯ **- જ્ઞાનવિધિ**

**૨૮ નવેમ્બર** (સોમ) સાંજે ૮-૩૦ થી ૧૧ **- આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** વીર નર્મદ યુનિવર્સિટી ગ્રાઉન્ડ, ઉધના-મગદલા રોડ, સુરત. **સંપર્ક :** ૯૫૭૪૦૦૮૦૦૭

### વલસાડ

**૨૯ નવેમ્બર** (મંગળ) સાંજે ૫-૩૦ થી ૮-૩૦ **- સત્સંગ**

**૩૦ નવેમ્બર** (બુધ) સાંજે ૫ થી ૮-૩૦ **- જ્ઞાનવિધિ**

**૧ ડિસેમ્બર** (ગુરુ) સાંજે ૫-૩૦ થી ૮-૩૦ **- આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ :** રેલ્વે જીમખાના ગ્રાઉન્ડ, ધરમપુર રોડ, કોન્વેન્ટ સ્કૂલની સામે, વલસાડ. **સંપર્ક :** ૯૯૨૪૩૪૩૨૪૫

### અમદાવાદ

**૧૬ અને ૧૭ ડિસેમ્બર - સત્સંગ** તથા **૧૮ ડિસેમ્બર - જ્ઞાનવિધિ**

**નોંધ -** સ્થળ અને સમયની વિગત આવતા અંકે.

### અડાલજ - પારાયણ (આપ્તવાણી-૧૪ ભાગ-૩)

**૨૪ થી ૩૧ ડિસેમ્બર - પારાયણ - વાંચન અને પ્રશ્નોત્તરી**

**નોંધ : આપ્તવાણી ૧૪ ભાગ - ૩ પેજ નં. ૧૪૧થી વાંચન,** 'નિશ્ચેતન ચેતન'...

**૧ જાન્યુઆરી - શ્રી સીમંધર સ્વામીની નાની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા**

**૨ જાન્યુઆરી - પરમ પૂજ્ય દાદાશ્રીની પુણ્યતિથિ નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

---

### દાદાવાણીના વાર્ષિક/૧૫ વર્ષના મેગેઝિનના સભ્યો માટે સૂચના

આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપને ત્યાં આવેલ દાદાવાણીના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. DGFT555/**08-2028** એટલે તમારું લવાજમ ઓગષ્ટ-૨૦૨૮માં પૂરું થાય છે.

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭; **અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **જૂનાગઢ :** ૯૯૨૪૩૪૪૪૮૯; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧

**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ (દાદા દર્શન) :** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫; **U.S.A.-Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

## અડાલજ : નવરાત્રિ ગરબા : તા.૨૬ સપ્ટેમ્બર થી ૪ ઓક્ટોબર ૨૦૨૨



## અડાલજ : 'નિરાંત-૨' નું ખાત મૂહુર્ત : તા.૧ ઓક્ટોબર ૨૦૨૨





નવેમ્બર ૨૦૨૨
વર્ષ-૨૮, અંક-૩
સળંગ અંક-૩૨૭

# દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2021-2023
valid up to 31-12-2023
LPWP Licence No. PMG/NG/037/2021-23
Valid up to 31-12-2023
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## જ્ઞાની હોય બહુ વિવેકી

'જ્ઞાની' ઘેલા ના હોય, 'જ્ઞાની' બહુ ડાહ્યા હોય. મનમાં બધુંય હોય કે 'ભલું થયું ભાંગી જંજાળ' પણ બહાર શું કહે ? અરેરે ! બહુ ખોટું થયું. એ તો 'હું એકલો હવે શું કરીશ' એવું હઉ કહે. નાટક ભજવે ! આ જગત તો પોતે નાટક જ છે. એટલે અંદરખાને જાણવાનું કે 'ભલું થયું ભાંગી જંજાળ' પણ બહાર તો વિવેકમાં રહેવું જોઈએ. 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ' એવું ના બોલાય. આવો અવિવેક તો કોઈ બહારનોય ના કરે. દુશ્મન હોય તોય વિવેકમાં બેસે, મોઢું શોકવાળું કરીને બેસે ! અમને શોક કે કશુંય ના થાય પણ બાથરૂમમાં જઈને પાણી ચોપડી આવીને નિરાંતે બેસીએ. એ અભિનય છે. ધી વર્લ્ડ ઈઝ ધી ડ્રામા ઈટસેલ્ફ; તમારે નાટક જ ભજવવાનું છે ખાલી, અભિનય જ કરવાનો છે પણ અભિનય 'સિન્સિયરલી' કરવાનો.

**- દાદાશ્રી**




દુનિયા

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.